Barcode - 99999990876860
Title - Nishkalanki Narayanani Bhal.
Subject - GENERALITIES
Author - Saiyad Ahamadali Khaki
Language - gujarati
Pages - 61
Publication Year - 1941
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 087686

# શ્રી નિષ્કલંકી
# નારાયણની ભાળ

લેખક

સૈયદ બાવા સાહેબ અહમદઅલી ખાકી.

મુ. પીરાણા પો૦ ગીરમથા ડી. અહમદાબાદ.

પ્રકાશક

પા. કાનજીભાઇ રત્નાભાઇ.

મુ. વરસોલાનો લાટ

ખંભાલી તા. મહેમદાબાદ અસલ માનકુવાવાળા

આવૃત્તિ ૧ લી     પ્રત ૧૫૦૦

સર્વ હક્ક સ્વાધિન લેખકે રાખ્યા

દર્શનલાભ રૂ. ૦-૪-૦

गूजरात विद्यापीठ ग्रंथालय
[ [illegible] विभाग ]

अनुक्रमांक ૨૨૮-૭૦ किंमत ૦.૪૦

ग्रंथनाम નિષ્કલંકી નારાયણની વાણી

वर्गांक ૫૭ ખ : ૪૨

# શ્રી નિષ્કલંકી
# નારાયણની ભાળ


લેખક

સૈયદ બાવા સાહેબ અહમદઅલી ખાકી.

મુ. પીરાણા પો૦ ગીરમથા ડી. અહમદાબાદ.



પ્રકાશક

પા. કાનજીભાઇ રતનાભાઇ.

મુ. વરસોલાનો લાટ

ઠે૦ ખંભાલી તા. મહેમદાબાદ અસલ માનકુવાવાળા

આવૃત્તિ ૧ લી     પ્રત ૧૦૦૦



સર્વ હક્ક સ્વાધિન લેખકે રાખ્યા છે.



દર્શનલાભ રૂ. ૦-૪-૦

ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

# સત્પંથની સમજ.

## સત્પંથનું સ્વરૂપ.

(૧) ટેક, (૨) પ્રતિજ્ઞા, (૩) નિયમ.

### (૧) ટેક એટલે

(૧) સત્ય, (૨) પુરૂષાર્થ, (૩) પ્રેમ, (૪) સમાનભાવ, (૫) ક્ષમા.

### (૨) પ્રતિજ્ઞા એટલે

(૧) સત્પંથના સર્વ નિયમોનું સેવન, (૨) બાળકોને સત્પંથી કેળવણી અપાવવી, (૩) અંધશ્રદ્ધાનો ત્યાગ.

### (૩) નિયમ એટલે

(૧) શરીરશુદ્ધિ, (૨) હૃદયશુદ્ધિ, (૩) વ્રત, (૪) ઉપાસના (૫) ધ્યેય.

(૧) શરીર શુદ્ધિ અર્થે, લાઈ સુતકાદિ, તે રજસ્વાલાથી તે મરણ પર્યંતના સ્નાનાદિ પ્રયોગો શ્રી ઇમામગોરની આજ્ઞા અનુકુળ ઉતરાવવા તથા પાળવા.

(૨) હૃદય શુદ્ધિ અર્થે, માદક પદાર્થો (લશણ, ડુંગળી, હીંગ, તમાકુ, અફીણ ગાંજો, ભાંગ, તાડી, ચડશ, માંસ, મદીરા, વ્યાજ, ગળી આદિ) નો ત્યાગ, શ્રી ઇમામ ગોરની આજ્ઞા અનુકુળ.

(૩) વ્રત અર્થે, શુકરવારી બીજ અને દશાંશ. શ્રી ઇમામગોરની આજ્ઞા પ્રમાણે પાળવી ને દેવી.

(૪) ઉપાસના અર્થે, સંધ્યા (ચાર વખતની), પુજા ( ઘટ પાટાદિની ક્રિયા ) શ્રી ઇમામગોરના વચનાકુળ કરવી.

(૫) ધ્યેય અર્થે, આજ પ્રચલિત સમયનાં ધ્યેય પુરૂષ શ્રી નિષ્કલંકી નારાયણ તેજ પરમ નિરંજનના નુર (રૂપ) સમજી પુરી રીતે શ્રી ઇમામગોરની વાણી અનુકુળ માનવું.

# પ્રસ્તાવના

શ્રી આદ્ય નારાયણને આદિ સમયે પ્રેમ ઉત્પન્ન થએ અખીલ વિશ્વની યોજના કરી, મનુષ્ય સરીર પોતાના કલાત્મક શરીરાકારે સૃજ્યું, આદિ સમયના મનુષ્યતનો જ્ઞાનથી અજ્ઞ હોવાથી તેને જ્ઞાનની ભૂમીએ પ્રેરરવા પોતે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શકિત એમ પવિત્ર નુરી થરીરેર્થી લીલા આદરી. અનંત જ્ઞાની જ્યોતિ સ્વરૂપોના શરીરોએ જગતને જ્ઞાનની ભૂમી પ્રત્યક્ષ કરી. તેમાં કેટલાક પ્રેરણાએ પ્રેરાયા. કેટલાક અર્ધા મુર્ખ રહ્યા, એ સર્વ એની જ લીલા કહેવાયે! જ્ઞાનની કશોટી માટેજ શ્રીમહામાયાને આવ્રણરૂપે માયિક સ્વરૂપે શ્રીહરિએ પોતાના નુરી કલાત્મક શરીરની ફરતી દિવાલ રૂપે આડીઅવળી વિટળાવી રાખી, કે એ આ માયાવી આવરણો કર્મે કર્મે ઝીતી હરિશરણ'ને પ્રાપ્ત કરે તોજ તે જ્ઞાની ખરેઃ થયો કહેવાએ; ને તે મોક્ષાધિકારી થયો મનાય.

જ્ઞાનદાઇ શરીરની આજુબાજુ કલાત્મક મા-યાવી આચ્છાદન રાખી પોતે જગતના મનુષ્યો ભેળો

હળીમળી રહી, અનેરી રમતો નવિન, નવિન વિધિની રમે ગયા; ત્યાં સુધી ? કે એઓશ્રીના શરીરના શુદ્ધ સ્વરૂપને એઓશ્રીના શરીરના, માં, બાપ, ભાઇ, સ્ત્રી, બેન, ભાંડુ આદિ કોઇ પણ પારખી ન શકયા ! શ્રીજીની સર્વ રમતો કોમી ભાવ વિનાનીજ હોય. જેથી માયાવિયો એટલે કોમી ભાવ વાળાને સમજ ના પડે ? પોતે પોતાનાં ચારિત્રો અનાદિની પ્રથા નુંસાર પોતેજ ધારે તેને સમજવા દે, જે પોતાનો હોય તો ? એટલે એનો થઇ એને ઓળખી એ માટે જ જીવિત જીવી જાણતો હોય તો. જુના ચારિત્રો તરફ દ્રષ્ટિ કરવામાં આવે તો શ્રીજીનાં ચારિત્રો એકજ પ્રકારના એ, કહેવાએ ને નાએ કહેવાય, જુઓ શ્રી મતસ્ય, શ્રી કચ્છપ, શ્રી વરાહ, શ્રી નૃસિંહ, પશુ, શ્રી વામન, બટુક બ્રાહ્મણ, શ્રી પરશુરામ યોદ્ધા બ્રાહ્મણ, શ્રી સૂર્યવંશી રામચંદ્ર ક્ષત્રી, શ્રી ચંદ્રવંશી ક્ષત્રી શ્રી કૃષ્ણ, શ્રી બુદ્ધા મલેચ્છ, શ્રી નિષ્કલંકી યવનાદિ, વિધવિધ પ્રકારે પ્રગટ આવી અકળિતજ રહ્યા, સાથે પોતાની રમતનો અગમ માટેનો માર્ગ પણ પ્રગટાવી દીધો એ પણ ગુચવણ ઉપર મૂકીને ! તે પણ કાંઇક ખુલાસાથી તેતો એક શ્રી હરિવંશનોજ, નિર્દેશ જાહેર કરીને તે એજ હરિવંશ ને એવો ગુંચવ્યો, કે ભલભલા માથું કૂટી કુટી મરે, પણ સાત્વિક સિદ્ધાંતવાદિ અને સાત્વિક આહારી વિના

પતો નજ લાગે! આહાર, વ્યવહાર સાત્વિક જ જોઇએ, માદક આહારી, કે વ્યવહારી તો એમાં માંથું મારીજ ન શકે, માદક આહારી કદી કોઈ એ જ્ઞાન સંબંધી દાવો કરતો હોય તો તે મિથ્યાવાદી છે, એમ સમજી તજવા યોગ્ય ગણાય. *મનુષ્યમાં કુશળતા બે પ્રકારની છે, આત્મિક ને માનસીક, આત્મિક કુશતા માટે જ આહાર શુદ્ધિ, એટલે માદક પદાર્થોનો ત્યાગ, તે માટે સંસારનાં ભવ્ય વૈરાગ્ય પ્રાપ્ત કરેજ પરમાત્માને પામવાના માર્ગની ઝાંખી પામી શકે; સાથે તે જગતમાં માયિક દ્રષ્ટિએ તુચ્છ દેખાએ! માનસિક કુશળતાએ જગતમાં કુશળ લેખાએ ? ધંધા, રોજગાર, પ્રપંચ, કળા, કૌશલ્યત આદિ વ્યવહારી સર્વ કાર્યનાં પ્રવિણ દેખાઇ, રાજદરબારે, વેપાર ધંધે, જ્ઞાતિજનોમાં, જગતના ધંધા, ધાપા, ખટપટ, ચરપટ, ધાપ બાજી આદિમાં અનોખોજ દેખાઇ રહે ને અતિ નામના પ્રાપ્ત કરી શકે, તે ઉપર જગત લોભાઇ તેનું અનુકરણ કરવા ઇચ્છતી રહેશે. પણ તેઓને ને આત્મિક કુશળતાવાળા વચ્ચે જમીનને આકાશ જેટલો અંતર માનવો, આ-

*તમાકુ પીયે તે નર દોજખી હોય. (સત્પંથશાસ્ત્ર). પદ્મપુરાણ —જે બ્રાહ્મણ બીડી પીતો હોય (કે તમાકુ વાપરનો હોય) તેને યજમાન દાન આપે તો તે નરકમાં જાયે ને, તે બ્રાહ્મણ મરે તો શુવરિયો થાએ.

ત્મિક કુશળતા વાલાનો સંગ કરવા કોઇનુંએ મન ન થાએ, માનસિક કુશળતાવાળાની લોક ગુલામી ઇચ્છે, એ પણ ધર્મ નાશનો પ્રયોગ છે.

સાત્વિક આહાર, વ્યવહાર, સદ્‌ગુરૂની દયા, ત્યાગ વૈરાગ્ય; વિના હરિવંશનાં ઉકેલનો માર્ગ શાણા, જ્ઞાની, ચતુર, વાચાળ, કદિ ભલે મથી મરે ! પણ તેના દ્રશ્યની ચાવીનો માર્ગ ન મળે, તે નજ મળે.

'સદ્ વ્યવહારે,' 'સાત્વિક અહારેજ' 'ગુરુ-દયા પ્રાપ્ત થાએ છે, 'ગુરુદયા પ્રાપ્ત થયે જ' એ ગુચવણનો ઉકેલ સદ્ આવી જાય છે. વેદો વર્ણવે છે, કે "વર્તમાન સમયગાં જે શ્રી હરિનું સ્થુળ દેખાતું શરીર પ્રચરતું હોય, ને તેનું જેનામ હોયને તે નામના જે અક્ષર હોય. તેને જે જાણી શકે, કે જાણતો હોય, તો તે જ બ્રાહ્મણ (બ્રહ્મને જાણનારો) મોક્ષાધિકારી જાણવો." આવી પવિત્ર આજ્ઞાઓમાં કોઇ પણ ઠેકાણે કોમી ભાવની જરા પણ ગંધ નથી, "કોમી ભાવ તો મોક્ષાધિકારમાં બાધા ડાલનારા છે."

આદિ જ્ઞાન પ્રાપ્તિ પછીનાં કાળાંતરે મોહ વશ માનસિક કુશળતાએ જ્ઞાતિ, વર્ણાવર્ણ, ભેદાભેદો આદિ મમત્તાના પ્રવેશે કુશંપ, કલેશે જડ ઘાલી કોમી ભા-

વનો ઝહેરીલો અગ્નિ ઘર કરી બેઠો, તેમજ ઝહેરીલી અગ્નિના થત્રુઓ સજ્જન પુરૂષો તેના નાશનો માર્ગ પ્રગટાવતાજ રહ્યા ! અહંભાવી પુરૂષો તો એ વિષાદિ અમૃતનાં ઘુટડા ગળે ઉતારતાજ રહ્યા ? તેના ઘેનમાં વેદાજ્ઞાને પણ સૂતી મૂકી જગતનાશનું કાર્ય ધપાવતેજ ગયા, તેમાં જરા પણ ઉણપ આવવાજ ન દીધી !

પ્રજ્વલિત કોમી ભાવને શાન્ત કરવા ઇચ્છનાર સજ્જન પુરૂષો સામ્યભાવવાલા પ્રચારે તનતોડ મેહનતે કરી રહ્યા છે, જે કે કેમે ! કોમી ભાવનો અસ્ત વ્હેલો થાય ? તેમ છતાં કલિના પ્રભાવે એ ડબલ. જોરથી કયમ થાય. " ખરી રીતે એ મહાશયો કોમી જડ જે ધર્મમાં પક્ષપાત છે તે તરફે જરા પણ નજર કરી શકતા નથી ઉલટા તેથી દુર્લક્ષે જ રહે છે ? " ખરી રીતે એ કાર્ય " શ્રી હરિ આધિન હોવાથી " એવી મત એ મહાશયોને કેમ કરી આવે ? જે ' ધર્મમાં પક્ષપાત છે એની જડ ઝાલી તે નિવારવા પ્રયત્ન શાળી થએજ કોમીવાદ નાશ પામશે. ધર્મવાદની ભાવનાઓ ધર્મ સાથે સંગઠિત છે. ચોક્કસ જ ' ધર્મમાંથી મારૂં, તારૂં, ' એ ભાવ નીકળી ગએજ કોમી ભાવ નહિજ રહેવા પામે ! એ વિનાની સર્વ મિથ્યા માથા કુટો છે, જયાં સુધી મારો ધર્મ, એ ભાવોના બંધા-

રણો છે; ત્યાં સુધી ' સારો, ખોટો, એ ભાવો છે, એ ભાવનાઓનો બંધ જુના સમયનો વડીલો પાર્જિત સંગઠનનો છે, ધર્મનો અગ્રાથ વિવેક સુન્ય પ્રેમ છે. જેમ જેમ સમયે સમયે નિરનિરાલા શ્રીહરિએ સ્વરૂપો ધારણ કર્યા તે સ્વરૂપો સેવ્યા, એ સ્વરૂપો લીલા કરી ગયા પછી ' જે સ્વરૂપ આવ્યું, તેને ઓળખી,' તેને સરણે જવાનું હતું, તે તો ' જનારા સ્વરૂપોનો મોહ કેટલાએથી ના મૂકાયો ! ' ને ' આવનાર પુરૂષને ના ઓળખી શકાયો ' જુનાના મોહની જડ જામતા હજારો ધર્મભાવો ( મોહને મમતાનાં બંધનો ) બંધાયા, ' એ ભાવો કેમે કરતાં ટળે એમ નથી, " એનો સરળ ને સહેલો આ એકજ ઉપાય છે ' કે સર્વનો ધર્મભાવ ઉપર મોહનો પરદો પડયો છે તે ઉપાડી દેવાએ ? એવો ઉપદેશ અસરકારક થાએ ' તોજ કોમીભાવનો નાશ છે, નહિ તો એ મહાશયોની મિથ્યા માથાકુટ છે.

સામ્યવાદ પ્રચારક મહાસયો પોતે જ જુના હકુ ધર્મને પોસતા રહી, મોઢે સામ્યવાદનો ઉપદેશ કરે, ' હૃદયે ભાવ એકને મોઢે તેથી વિરૂદ્ધ ' એ ભેળ-સેળીયો ઉપદેશ સામાવાલા ઉપર કેવી અસર કરે ? ઉલટો કોમી ભાવ રેલમછેલ જગતમાં ધમ ધમાટી મચાવી મૂકે, મહાસયો ! ' આવા અવળા બળે કોમી

કોમીવાદી ભાવ તજવવા પ્રયત્ન કરો છો' તેથી સંતાંસ પોતાના જ હૃદયમાંથી જ ધર્મ જેવી પવિત્ર ભાવનામાંથી હિન્દુ, મુસલ્લમાન, એ ભાવો ટાળવા પ્રયત્ન શાળી થાઓ! એ જ ઘણી જ સફળતાની ખરી ચાવી છે એથી આપને વિજય જરૂર થઇ જવાનો જ.

'હિન્દુ, મુસલ્લમાનાદિ એવા ધાર્મિક ભાવો દૂર કરી;' 'એક પ્રભુતાઇનો માર્ગ ગ્રહણ કરી.' વાહ-વાહિ ઉપલ્લકિયું જ્ઞાન તજી દઇ,' 'દ્વિદતાને ટાળી' 'અદ્વિત માર્ગે અવલંબી' અન્ય ભાવનાના દ્વારો બંધ કરી દેવા. "આકાશવાણી," (વેદ, કીતાબાદિ) "અપુરુષ વાણી" શ્રી હરિની જ વાણી છે તે સર્વ એકજ શુદ્ધ ભાવ પ્રગટાવ નારી છે, માટે તેને ભેદ ભાવ વિના શાન્ત ચિતે એક સરખી રીતે પુજ્ય માની' એ સર્વના હૃષ્યનો અંતર ભેદનો મીઠો મર્મ' સોધી તેનો પ્રચાર કરેજ ઝેરી કોમીવાદનું વિષ નાશ પાત્રશે.

'શ્રી હરીજગ કલ્યાણે સ્વ સૂજિત તનોમાં દેશ, વેષ, ભાષાદિના ભેદા ભેદ વિનાના જ સ્વ સ્વરૂપો દ્રગટાવે છે.' તેને આપણે શીરવંદ્ય ગણી 'હરીવંશે સોળ કળા સાહિત્યના શરિરને (શ્રી હરિનાં ખાસ

શરિરની એધાણીયોવાળો ) એ વેદ પ્રમાણે ખોળી, ઓળખી તેને આધીન થઈ રહો ! ધુતારાઓનો ત્યાગ કરો એજ તત્તવ જ્ઞાન ઉત્તમ છે, નહિ તો ભવ વાટવીમાં ભલે પડી રખડયા કરો. "શ્રી હરિના સત્ય સ્વરૂપની ખોળની ચાવી, એજ સદંત્તર કોમી ભાવનો નાશ છે."

શ્રી હરિએ નુરી ખાસ સ્વરૂપો વખતો વખત મનુષ્ય તનુંમાં પ્રગટાવ્યા છે, તેને આજ શાસ્ત્રાધારે માનવાનું કહેવું છે, તેમ જુના ( વયતિત ) નો મોહ મુકવો નથી! એકને માનવું છે, 'એકને નથી માનવુ' અમુકને માનવા 'અમુકને મૂકી દેવા!' અમુક મુદ્દત સુધીનાને માનવા' અમુક મુદ્દત પછીનાને મૂકીદેવા!' અમુક પછીથી શોધના બધ કરવી!' અમુક સમય પછી આવવાના છે એટલી આંટી ઝાલી રાખી' જુનવાણીએ પદી ખોળ બંધ રાખી. વર્તમાન સમયનાં સ્વામીને ખોળવાની વાત ઉડાડી દઇ, સત્ય વાત અદ્ધર ઉંપાડી રાખી, પોતાના ચલાવેલ પાંખડને આગળ કરી જગતને અંધારામાં રાખી, જગતને શ્રી હરીનાજ શત્રુ પણામાં પ્રેરવાના પ્રયત્ન થઇ રહ્યા હોય ! ત્યાંથી કોમી ભાવને જવામન કેમ થાએ ? 'શાસ્ત્રોએ સ્થળ, સંખ્યા, સ્વરૂપ, સમાયાદિ સર્વ સચોટ

નિશ્ચિત કરી આપ્યા છે, પણ તેને માનવું નથી ને શાસ્ત્રને પાણીચું આપી પોતાની મમતા ચલાવવી છે તો તેને સામ્યભાવ કેમ ભાવે ? શાસ્ત્રો, વેદો કેમ ભાવે ? જગત જ્યારે એટલા બળે પહોંચ્યું છે; તો તે નગારાના ધ્વનીમાં પીપુડી કેમ સંભળાએ ? મારે તો આ સમયે મારા માથાની ફરજ પૂરી કરવાની ઇચ્છાએ સેવાભાવે વર્ણવવું છે તે વર્ણવી રહ્યો છું.

'શ્રી હરિની કળા, રમતાદિ, કોઇ પણ સ્વરૂપની, કોઇપણ સમયની ગત સરખી હોતી જ નથી.' વેળા વેળાની કળા ન્યારી જ. એકથી એક ન્યારી, ન્યારા ઢંગ, ન્યારા ચારિત્ર, ન્યારા સ્વરૂપ. જેથી માયાવિ વ્યવહારમાં રચી પચી રહેલા ડાહ્યા પુરૂષો, ભણેલા, વાચાળ, પંડિતો, ગત્ સમયનાં ચારિત્રને માનનારાઓની વાણી ચાતુર્ય આગળ સાધારણ બુદ્ધિનાં ગ્રામ્યજનો મુંગે મોંઢે દોરાય જ ! એ સ્વભાવિક છે. કામી ભાવનાના ભેદોમાં રંગાએલા પંડિત વિદ્વાન પુરૂષોની વાણી કળામય હોય છે, વિદ્વાનો બધું સાચું જ કહેતા હોય, એમ સમાજની ધારણા હોય છે. એ ન્યાયે એવા પંડિતો પોતાના હૃદયના રંગને સમાજ ઉપર પાથરી સ્વરંગે રંગી લે ! દેખાવમાં શાસ્ત્રનો–સત્યનો પ્રચાર આગળ લાવી જગતનો નાશ

કોમીભાવે કરી રહ્યા છે. કહેવાતા વિદ્વાનોને પોતાના અહંમપણે અંધારપણું પ્રાપ્ત થએ, કાંઈ સત્ય સૂજવા પામતું નથી. સત્ય તો સર્ચલાઇટ જેવું પ્રકાશિત છે. 'સત્ય એ ધર્મ' ધર્મમાં ભેદભાવ હોતો નથી. હિન્દુ, મુસ્લિમ, ઇસાઈ, મુશાઈ, પારસી, જૈન, બૌદ્ધાદિ ભેદો એમાં નથી. 'ભેદ એજ કોમીભાવ' એવા ભેદભાવો સત્ય બ્રહ્મને સૂજવા દેતા નથી. વિદ્વાન ને વાચાળ પુરૂષોની વાણી ઉપરજ જગત વિશ્વાસ રાખવા ટેવાએલું હોવાથી મોહમયી વિદ્યાનાં ફળ ! તે એજ 'આજ કલેશમયી દુનિયા !' "રાવણીઓ પડ્યો."

આજ કલિયુગમાં શાસ્ત્રાધારે શ્રીહરિનો દશમો અવતાર ફક્ત એકજ શ્રી નિષ્કલંકી નારાયણનો જ હોવાનું ગવાય છે. સમય પણ "સંવત વિક્રમ દધિ-અંગા" દર્શાવેલ, એ લીલાવાદી મહાપુરૂષની લીલા કોણ સમજી શકે ? એઓશ્રીના ચારિત્રો જગતમાં નજરેનજર દેખાઇ રહ્યા છે. પણ "આંખ સહિત પણ આંધળા" એ ન્યાયે કોણ જોઇ શકે ? એ મહા દિવ્ય પુરૂષની અકળિત કળા કોણ કળી શકે ? એઓશ્રીનાં ચારિત્રો જગતમાં ગવાઇ રહ્યાં છે, પણ 'કાન સહિત પણ બહેરીયા' તે કયાંથી સાંભળી શકે ? લેનારા ફળ લઇ ગયા, સોધકો શોધી ગયા, ને હજુએ ભાગ્યવંતા

શોધ કરી રહ્યા છે. જેનું ભાગ્ય બળવંત હશે તેજ આવા કળિકાળમાં માયાવિઓના ડંફાસ આગળ સમુહોનાં જુથોથી ન બીતાં શોધે લાગી રહી સત્ય શોધ્યા જ કરશે. નહિ તો આવા અસત્યના અસંખ્ય ભેરોના સામટા સાદ આગળ સત્યની તુતુડી કયાંથી સંભળાએ ? જ્યાં છળ પ્રપંચની લહેરો લેવાતી હોય, ત્યાં સમાનભાવી ઔષધ પીવા કયાંથી મન થાય ? એ તો કોઇ વિરલા હરિના ખાસ દાસોને જ ભાવના જાગે. તેઓ આ માયાવી જુથ્થો આગળ નોધારા દેખાઇ રહે. " નોધારા રહેનારાઓ એવા હરિના દાસોનું તો જાણે આવી જ બન્યું ! એટલી સતામણી એમની ચાલુ થાય, એટલો એટલો પજવે, કે કાચો પોચો હરિનો લાલ હોય તો બીતો ને સંતાતો જ રહે, નહિ તો માયાવિઓ એની એટલી દૂર્દશા કરી મૂકે, કે એ જીવતાથી મૂવેલો ભલો. પણ જે સાચા હરિના પ્રેમી જનો તો માયાવિઓની સતામણીના સર્વ સંકટો સહન કરી હરિ સેવામાં ને સેવામાં જ લાગ્યાજ રહે, 'ફરી ફરી મનુષ્ય જન્મ આવનાર નથી' એવો મોંઘા મૂલો મનુષ્ય તન આવા દુષ્ટોની ખુશામતમાં નજ ખુવે.' સીધી રીતે એ માયાવીઓ સત્યભેદ સમજવા કે સત્ય માર્ગે પ્રેરવા પ્રયત્નશાળી નજ રહે.

માયાવિઓ થાકે દુઃખ દેતાં દેતાં, પણ હરિના દાસો એ દુઃખ સેહતાં સેહતાં આનંદ માની બમણા બળે ઉમંગે સેવા કરે જ જાય.

માયાવિઓ જગતને ઠગવા હરિકિર્તનની ખોટી ખોટી રાડું પાડી જગતને દેખાડવા કે હું હરિભક્ત છું, તે માટે પાડે. મોઢે ખોટી નિષ્ઠાએ (સ્વાર્થ ખાતર) ડફાંસ હાંકી ભોળાઓને ભરમની જાળમાં વીંટે, એવાનો તો ઉપરનો ડોળ જ દેખાડવાનો છે. જ્યાં સ્વાર્થ સધાએ કે પછી એ ડોળ બોળ ક્યાંય ઉડી જાય!' જેમ પતંગિયો રંગ તડકો લાગતાં ઉડી જાય છે!'

શ્રીહરિએ સંવત વિક્રમના સાતમા સતકમાં પ્રાગટ્યપણે લીલા આદરી, તેઓશ્રીને ઘણા સનાતન ધર્માવલંબિયોએ ઓળખ્યા, ઓળખાવરાવ્યા, સેવ્યા, સેવરાવ્યા, પૂજ્યા પૂજાવરાવ્યા, કેટલાકોએ તો ગુપ્તપણે સેવા આદરી, કેટલાક તો એથી શત્રુવટ લઈ બેઠા, કેટલાકોએ માંહે ભેળશેળ કરી સ્વાર્થ સાધવા બીજાઓ ઉપર સ્વાર્થનો આરોપ નાખી પોતે સાચા છે, એવા ગપગોળા ઉડાડી ધર્મને નામે ઘણા ધતિંગો રચાયા, સાચાને ખોટા ઠરાવવા પ્રયત્નો આદરાયા,

ખાલી થએલ ઘરને બનાવટે કરી પૈસાના બળે સાચા વર્તમાનકાળનો પુરૂષ ઠરાવવાના ધતીંગો દોરાયા, ખોટાને સાચા કરવા શાસ્ત્રોને પોતાને ઓશિંગે રાખી જૂઠ આગળ કર્યું. સમયના સ્વામીથી જગતને અજ્ઞ રાખવા પ્રપંચો રચ્યા.

યુગ યુગના ભેદો પલટી ગયા. 'આ કલિયુગ છે.' એક ક્ષણની ભક્તિ પહેલાંના યુગોમાં કરોડો વર્ષની ભક્તિથી વધી જાય છે. શ્રીહરિના વર્તમાન અવતારના ચારિત્ર ઉપર એક વાર દ્રષ્ટિ થાય, તો યુગો–યુગના કુકર્મો નાશ પામી શુદ્ધ મોક્ષાધિકારી થઈ જવાય એમ વેદ કહી રહ્યા છે. આવા વિવેચનો માટે આ સ્થળ પૂરતું નથી. શ્રીહરિના ગુણનું વર્ણન કરતાં કરતાં વેદો પણ થાકીને કહેતા ગયા કે 'એટલું નહિ, એટલું નહિ' તો મુજ પામરનું શું ગજું ?

સમયના સંજોગોએ જ મારે માથે એ વર્ણન કરવાનો જે ભાર મૂકાયો છે, તે પ્રમાણમાં મારી બુદ્ધિ સંપત્ત પ્રમાણે બે અક્ષર લખવા પ્રયત્ન કરીશ, "પણ તેનું ધાર્યું કાર્ય છે, તો તેજ પૂર્ણ કરે." તથાસ્તુ.

શ્રી નારાયણ જગતનો સૃષ્ટા ! અનંત ભેદ, ગુણ, માયા, કળાદિથી ભરપૂર, એનો બરોબરિયો કે જેનાથી દલીલ કરીએ તેવો પણ કોઇ નથી. તે મનુષ્ય તનમાં

પોતે સ્વઇચ્છાએ પ્રેમના પૂરે તણાઇ આવવા જેવી લીલા સ્વઇચ્છાએ અનન્ય ભેદોમય કરી અને પોતાને આવવાનો માર્ગ એક હરિવંશને નક્કી કરી રાખેલ, તે માર્ગ અનાદિના ધોરણે આજના કલિયુગમાં શ્રી હરિ તે શ્રી અલી તે શ્રી હરિ કૃષ્ણ વંશે પવિત્ર ભૂમિએ પધાર્યા, તેના વંશની ભેદી ચાલ અનાદિથી ઘણા ભેદ ભરમોથી ભરપૂર હોવાથી તેના ભક્ત વિના અન્ય કદિ પણ સમજી શકતો જ નથી.

હરિવંશે શ્રી અલી કૃષ્ણવંશે જેવી વિગતે આવ્યા તેનો ટુંક ખુલાસો આ પ્રમાણે છે.

ॐ

# શ્રી નિષ્કલંકી નારાયણની ભાળ

આદી શંકરાચાર્યે, બાર જ્યોતિષ લીંગોનું સ્થાન જ્યારે પ્રગટ કર્યું, તેમાંનું એક લીંગ શાલ્મલ દ્વીપે શંભલનગરમાં જાહેર કર્યું. એ "મકલેશ્વર" નામે કહેવાયું.

શ્રી આદિ શંકર મહાદેવનાં પત્ની શ્રી પાર્વતીજી (ઉમૈયા) તેમણે પોતાના શરીરથી એક બાળક, ને બીજી બાળકી ઉત્પન્ન કર્યા. તેમાં બાળકી 'ઉષા' નામે હતી.

શોણિતપુરનો રાજવી 'બાણાસુરે' શ્રીશંકરની તપશ્ચર્યા કરી, તેમાં ભોળા પ્રસન્ન થઈ વર માંગવા ફર્માવ્યું, 'બાણાશુરે' બાળકની માગણી કરી, શ્રી શંકરે કહ્યું, તારા ભાગ્યમાં બાળક કે બાળકી નથી, પણ

તારા તપોબળના પ્રતાપે, એક બાળકી મારી પાસે છે, તે તને આપું ? તેણે તે કબુલ કર્યું, ત્યારે શ્રી શંકરે ઉષા બાણાશુરને અર્પણ કરી,

કાળે કરી કૌરવ, પાણ્ડવનું પ્રાગટ્ય થયું તેમાં શ્રી અર્જુન તે શ્રી કૃષ્ણના સખા, ભક્ત, ને દાસ નિર્માયા. એક કાળે શ્રી કૃષ્ણ અર્જુનને ઉપદેશતાં પોતે ફર્માવ્યું કે, "હું જગતનો સૃજક છું, મારા સ્વરૂપનું ધ્યાન એજ સૃષ્ટિના મોક્ષનો માર્ગ છે."

શ્રી અર્જુને પૂછ્યું, આ આપનું સ્વરૂપ (શરીર) મહાપ્રલય સુધી રહેવાનું છે ?

શ્રી કૃષ્ણે ફર્માવ્યું, કે નહિ. અમુક મુદ્દત પછી પરિણામને પામી જશે,

શ્રી અર્જુને પૂછ્યું, તેજ સમય સૃષ્ટિ સર્વનો પણ વિલય થઇ જવાનો ?

શ્રી કૃષ્ણે ફરમાવ્યું, નહી તે તો મહા પ્રલય સુધી રહેશે.

શ્રી અર્જુને પૂછ્યું, આપનું આ શરીર ના હોય તો પછીની સૃષ્ટિનાં મનુષ્યોની કેવી ગતી ?

શ્રી કૃષ્ણે ફર્માવ્યું, સૃષ્ટિને મારાથી નિરાધાર નજ

મૂકાય, મારે તેનું રક્ષણ કરવું જ પડે, અનાદિ કાળથી એમ જ કરતો આવ્યો છું, ને થયા કરશે.

શ્રી અર્જુને પૂછયું, તો આપનું શરિર ના હોય તો જગતના મનુષ્યો કોનું ધ્યાન ધરશે ?

શ્રી કૃષ્ણે ફરમાવ્યું કે, मारा वंशनो प्रमात्र पण एवो ज छे. ' वंशादि पात्र पूजा महंम् '

શ્રી અર્જુને પૂછયું, આપને એક લાખથી વિશેષ પુત્રો છે, તો તેઓનું એક સામટું ધ્યાન કેમ ધરી શકાય ? એ તો અશક્ય છે.

શ્રી કૃષ્ણે ફરમાવ્યું, કે વંશ માનવમાં ભેદ છે. વેદ જેને હરિવંશ કહે છે, તેજ વંશ માનવાને, ને પુજવાને પાત્ર છે. ' બ્રહ્મા, વિષ્ણુ ' સદાએ કાળથી હરિવંશમાંજ આવે છે, એ હરિવંશ વિનાં બીજે હોય જ નહિ,

શ્રી અર્જુને પૂછયું, આપ જગતના તાપ, અને દોષોના હરનારા, જેથી આપ જ હરિ કહેવાઓ.

શ્રી કૃષ્ણે ફર્માવ્યું, કે એમ નહિ. શ્રી શંકરનો વંશ તે શિવવંશ, શ્રી શક્તિનો વંશ તે શક્તિ વંશ કહેવાય, ને બ્રહ્માનો વંશ તે બ્રહ્મવંશ કહેવાય, ને શ્રી વિષ્ણુનો વંશ તે વિષ્ણુવંશ કહેવાય, પણ હરિવંશ ના

કહેવાય. હરિવંશ તે તો બ્રહ્મા, વિષ્ણુ ને શક્તિ એ ત્રણેનો એક મિશ્ર વંશ ચાલે તે હરિવંશ કહેવાય.*

શ્રી અર્જુને પૂછયું, આપને સોળ હજાર સ્ત્રીઓ છે, તેમાં આઠ તો પટરાણીઓ છે, તો હમારે આદ્ય શક્તિ કઇ માનવી, કે તેનો પુત્રજ હમો માનીએ ?

શ્રી કૃષ્ણે ફરમાવ્યું કે યુગોયુગથી આદ્યશક્તિ શ્રી વિષ્ણુના શરીર સાથે જ સંબંધ રાખે છે, કદી મહા અંશે પણ સંજોગોવશાત્ વરદાને બંધાઇ હોય! તો જાયે, નકા પૂર્ણ અવતાર કે પૂર્ણ અંશને જ સાથ આપે, બીજે ન હોય. તે આદ્યશક્તિ રૂક્ષ્મણી છે; ને તેનો પુત્ર પ્રદ્યુમ્ન છે.

શ્રી અર્જુને પૂછયું, આપ વિષ્ણુ છોજ તે જગ જાણે તે, આદ્યશક્તિ શ્રી રૂક્ષ્મણી માન્યા, ને તેમનો પુત્ર પ્રદ્યુમ્ન પણ માન્યા, પણ એમાં બ્રહ્માનો અંશ તો ઓળખાયો નહિ ? તે સમજાવો.

---

* સત્યપંથ શાસ્ત્ર શ્રી મચ્છા અવતારની કથા બ્રહ્મ, વિષ્ણુ, શક્તિ મલી, ત્રણે ભેળા હાલમાં ભલી; ત્રણેનો ચાલે જે અંશ, તે કહાવે હરિની વંશ. તેમાંએ કહિને મૂર્ત એક, "તેના કહિયે એકલા અનંત વિવેક" તેના પૂજે જે કોઇએ "તે તો અમરાપુર જાય" બીજા પાત્રમાં ખપે, "લે દાન તેને ના જપે"

શ્રી કૃષ્ણે કહ્યું, કે જ્યારે હરિને જે કાર્ય કરવું હોય છે, તેના સંજોગો પ્રથમથી મેળવી ઉભા કરી દે છે. ' રૂકમ રાજા એ બ્રહ્મ અંશે અવતર્યા છે.' ને તેમને વંશે આદ્યશક્તિ રૂક્મણીએ જન્મ લીધો. ને તેને હું (વિષ્ણુ) વર્યો. તેની પ્રજાએ હરિવંશ થયો.

એક સમયે ' શ્રી ઉષાને ' સ્વપ્ન આવ્યું ને તે જાણે શ્રી પ્રદ્યુમ્નના પુત્ર શ્રી અનિરૂદ્ધને વરી, જાગ્રત થઇ ત્યારે મીંઢલ હાથે બાંધેલું, વિવાહના સર્વ સંસ્કારો ઉષાના શરિદ ઉપર દેખાતા હતા, તે વાત તેની સખી 'રમા'-ચિત્રલેખાને કહી, પણ સ્વામીનું નામ ઠામ વિસારેલ હોવાથી, ચિત્રલેખાને કહી શકી નહિ. ત્યારે ચિત્રલેખાએ દાણવી વિદ્યાના પ્રભાવે, પૃથ્વીભરના રાજવી ને રાજકુમારો ઋષિઓ ને ઋષિ-પુત્રોનાં ચિત્ર દોરી શ્રી ઉષાને ઓળખાણ માટે દેખાડ્યા, તેમાંથી શ્રી ઉષાએ "અનીરૂદ્ધ" ને ઓળખ્યા. ત્યારે દાણવી વિદ્યાએ ચિત્રલેખા દ્વારકાંથી અનીરૂદ્ધને રાત્રે પલંગ ઉપર નિદ્રામાં પલંગ સહિત સોણિતપુર લાવી, ઉષાને અર્પણ કર્યા, ને પોતે પણ વરી. બાણા-શુર આ વાતને જાણી અનિરૂદ્ધ સાથે યુદ્ધે ચડયો, તેમાં શ્રી કૃષ્ણે બાણાશુરને માર્યો, ને રાજ બાણાશુરના પ્રધાન, ને પિત્રાઇ ભાઇ કુભાંડને આપ્યું. ચિત્રલેખા (રમા) એજ કુભાંડની પુત્રી હતી.

બાણાશુર અપુત્ર મૂવો, ને કુંભાંડને પણ એ ચિત્ર-લેખા વિના કોઇ પુત્ર કે પુત્રી ન હોવાથી રાજ્ય ' શ્રી અનીરૂદ્ધ 'નેજ મળ્યું ને તે શોણિતપુરમાં જ રહ્યા. તે વંશ ત્યાંજ રહ્યો. એ કુળ "કૃષ્ણ કુળ" કહેવાયું.

જ્યારે દ્વારકામાં યાદવાસ્થળી થઇ ત્યારે એ વંશ શોણિતપુર હોવાથી બચી ગયો. 'શોણિતપુર', 'કુશદ્વીપ' (હાલનું આફ્રીકા), શોણિતપુર, કુશદ્વીપના પશ્ચિમ ને ઉત્તર બાજુ દરિયા કીનારાના પ્રદેશની રાજધાનીનું શહેર. (હાલનું મીસર), શોણિત સમુદ્ર, (હાલનો રાતો સમુદ્ર).

હવે હરિવંશ મીસરની ભૂમિમાં રાજ્ય કરતું રહ્યું. એજ વંશે ' શ્રી બુદ્ધા ભગવાન' શોભી રહ્યા. *કાળાંતરે વંશની વૃદ્ધિ થતાં રાજયની સીમા સંકડાવવા લાગી. ત્યારે એ કૃષ્ણ કુળમાંથી મુખ્ય પુરૂષ "કુશાઇ " નામે મહાત્મા શાલ્મલ દ્વીપમાં શંભલનગરે પધારી રાજ્ય સ્થાપ્યું. કૃષ્ણ કુળ એ ભૂમિમાં પ્રખ્યાત મનાયો ને પૂજાયો. ઘણા વરસ રાજ્ય કર્યું. વંશ પણ વધ્યો, ભાષામાં ફેર પડવાથી કૃષ્ણ કુળના અપભ્રંશે ' કૃષ્ણ '

* બુદ્ધા ભગવાનની સ્ત્રી કમલા શક્તિ, પિતા હંશરાજ, બ્રાહ્માણીને પોતે વિષ્ણુ, એ શ્રી હરિવંશ ચાલ્યો.

નો 'કુરેશ' બોલાયો. એટલે "કુરેશ કુળ" બોલાયો ને મનાયો.

કાળે કરી એ કુળમાં સ્યબા સાહેબ જન્મ્યા, તેઓ સાહેબને દશ પુત્ર થયા જેથી તેમને દશાંશનો વિષય અગત્યનો બન્યો. પિતાને સો પુત્ર હોય, પણ એકે અળખામણો ન હોય, હવે કીયો પુત્ર દશાંશમાં આપવો ? એ ચિંતા બાળ્યા કરતી. જેથી તેમણે પોતાના કુળના, ને એ પ્રદેશના મોતેબર પંણ્ડિતોની એક સભા ભરીને, એ પ્રશ્નનો ગુંચવાડો ઉકેલયા નક્કી કર્યું, સભા બોલાવી મજકુર પ્રશ્ન સભા સન્મુખ મૂકયો. સભાએ ઠરાવ્યું કે દશેના નામની પત્રીકા નાખો. જેનું નામ આવે તે, તે મકલેશ્વરને અર્પણ કરો.

પત્રિકાઓ નખાઇ, તેમ. 'શ્રી વિષ્ણુ યક્ષ' નું નામ આવ્યું, દેશની ભાષા પ્રમાણે "અબ્દુલ્લાહ સાહેબ" હતું. એ નામ આવવાથી માંહેમાંહે વાદ પડયો.

બે પક્ષ બંધાયા, એક પક્ષ પંણ્ડિતોનો, બીજો પક્ષ 'સ્યબા' સાહેબનો. પણ્ડિત પક્ષે કહ્યું કે 'શ્રી વિષ્ણુ યક્ષ સાહેબને દશાંશમાં ન અપાય, કેમકે એમના પેટે એક પવિત્ર પુરૂષ અતિ નામાંકિત જગતારણ

જન્મશે, જેમના નામના આખા જગતભરમાં વખણાશે, ને ઘણા કાળ સુધી અમર રહેશે, એવા જગતતારણને મકલેશ્વરનો સાધુ બનાવ્યો ન જાક! એમને તો પરણાવવા જ જોઇએ.

શ્રી સ્યબા સાહેબે કહ્યું, કે પત્રિકા જેના નામની આવી તે ખરી, હવે બીજો બાળક એમના બદલામાં ના આપું, જેના જેવા ભાગ્ય! એ વાદનો પંડિતોએ વચલો માર્ગ કાઢયો, તે સર્વ સભાને પણ અનુકુળ આવવાથી 'શ્રી વિષ્ણુ યક્ષ' પરણવવાનાં ઠર્યાં, ને તેમના બદલે બસો ઉંટ મકલેશ્વરમાં અર્પણ કરવાનું ઠર્યું.

શ્રી વિષ્ણુ યક્ષ સાહેબને પરણાવ્યા, જેને પેટે કલિયુગના બ્રહ્માજી નબી મહંમદ સાહેબ થયા.

શ્રી સ્યબા સાહેબને બીજા પુત્ર "પદ્મસેન" એટલે ત્યાંની ભાષા પ્રમાણે "અબુ તાલિબ" સાહેબ હતા. તે સાહેબને ત્રણ પુત્ર હતા. તે માંહેલા વિશ્વવિખ્યાત મહા પ્રરાક્રમી શ્રી વિષ્ણુ ભગવાનનો પૂર્ણરૂપ અવતાર " શ્રી અલી નિષ્કલંકી નારાયણ " થયા.

શ્રી અલીના સગા ત્રણ ભાઈ ને તેવાજ ચોથા ભાઈ નબી મહંમદ સાહેબે શ્રી મુખે સગા ભાઇપણાનો બંધ પોતે નોંધાવ્યો છે. દરેક અવતારના પ્રથાનું કુલ ચાર જ ભાઇ હોય છે.

શ્રી સ્યબા સાહેબને ત્રીજા પુત્ર, " શ્રી દેવેન્દ્ર " એટલે તે દેશની ભાષાનુ કુળ " અબુસામ " હતા. તેમને ચાર પુત્રો હતા, અસ્પત, ગજપત, નરપત, ને ભૂપત. પ્રથમ શ્રી નબી મહંમદ સાહેબે પોતે " એકેશ્વર " વાદનો ઉપદેશ કરતા, ત્યારે પોતાના જ સગા કાકાઓ, અબુસામ, અબુઝેહલોદિને નગમતો હોવાથી તેનો વિરોધ કરતા. શ્રી મહંમદ સાહેબ ઘણું ઘણું કરી આજીજીએ શાન્તિએ સમજાવતા, વિનયે વિનોદે ઉપદેશાતા, પણ એ કાકાઓએ ન માન્યું તે ન જ માન્યું. ઉલટો વિરોધ વધારી તેમનો નાશ કરવા પ્રેરાયેલા રહેતા. ફક્ત 'શ્રીઅલ્લી નિષ્કલંકી'ની મદદેથી જ વિજયવંત રહેતા. તેમ " શ્રી નબી સાહેબ "નું બળ દિન પર દીન અધિકા અધિક વધતું જ રહેતું, ને એ કાકાઓનું બળ દીન પર દીન જાજરવત હલકું પડતું ચાલ્યું.

તેજ પ્રણાલિકાએ અસ્પતાદિ ચારે ભાઇઓને વિદેશ ગમન સુલ્લભ લાગવાથી હીજરત કરવા પ્રેરાયા. ચારે તરફ નજર કરી, પણ તેમને તે પશ્ચિમ દિશાના દેશો તરફ કાંઇ નજર ન ખુંપવાથી પુર્વગામી થયાનો ઉકેલ આવ્યો. જેથી " બાબલ બેડી "* એટલે તે એક

---

* બાબલ બેડી એટલે એ ચારે ભાઇ માતા ફાતમા

વહાણમાં સવાર થઈ એ અસ્પતા દી ચારે ભાઈ રવાના થયા. તેમની સાથે, એક મિત્ર બાણ કુરેશી પણ સાથે થયો, રસ્તામાં આવતાં એક તુંબડું મળ્યું, તે લીધું, તેમાં એક બાળક હતું, તે પણ સાથે લીધું. એજ બાળકના વંશનાં "તુંબેર ચારણો" હાલ કહેવાય છે. એ બેડી જંબુ દ્વીપના સૌરાષ્ટ ભૂમિના વેરાવળ બંદરે નાગરીને ત્યાં એ પાંચે જીવ (છો) ઉતર્યા, ને પોતાના રક્ષણના સવાલને ચર્ચી, ભાલ મલતાં જુનાગઢના મહારાજા પાસે આવ્યા, ને રક્ષિત થયા. જુનાગઢના ભૂપે જ્યોતિષિયો બોલાવી રક્ષણનો પ્રકાર મેળવી કાર્ય આદર્યું. જ્યોતિષિયોના કહેવા પ્રમાણે જુનાગઢનો ડુંગર હાલ જે હાલ દાતારના ડુંગરને નામે પ્રખ્યાત છે. તેના ઉપર કોટ ઉપર હાલ જે ઝંડીયા[1] કુવાના નામે બોલાય છે, તે ખોદાવવા માંડયો. કેમકે અસ્પતના દિને વાંસે જે શત્રુ આવનાર આકાશ માર્ગે આવી, આ ઠેકાણે ઉતરે, તેવા જ પાતાળમાં પેશી જાય, ને તેને આ ખાડામાં પથ્થરે કરી પૂરી દેવાય તે માટે ખાડો તૈયાર કરાવ્યો. ત્યાં સુધી ખોદાવ્યું કે ખોદનારાઓને

---

પાસે પોતાની સફરનો સુગમ માર્ગ જાણવા બરદાસ કરી ત્યારે માતા ફાતમાએ કાગળની નાળ બનાવી આપી તે બાબલ બેડી.

૧ ઝંડિયો=નવઘણકૂવો.

દિવસે દેખાય નહિ ત્યાં સુધી તેઓ એક બીજાને ભાળે નહિ. ખોદતાં કોદાળા એક બીજાને અથડાવા લાગ્યા. એક બે માણસ જખ્મી થયા, ને એક બે માણસ મરણ શરણ થયા. એટલે ખોદાવવાનું બંધ કરાવી, તેની આજુબાજુ લશ્કર સંતાડી ગોઠવી દીધું.

જોષિયોના નિર્માણ કરેલા દિવસેજ " શ્રી અલી " ઘોડેસ્વારીએ પધારી કુવામાં ઉતરીજ પડયા, તેવાજ કુવાની આજુબાજુ ગોઠવેલું લશ્કરે પથરા કુવામાં પુરવા માંડયા. જે પથ્થરો કુવામાં પડતા તે સ્વાર કે ઘોડાને ઇજા કર્યા વગર ઘોડાના પગ નીચે ગોઠવાઈ જતા. જેથી કુવો પુરાઇ જવા લાગ્યો, ને ઘોડોને સ્વાર ઉપર આવવા લાગ્યા. કુવાનો કેટલોક ભાગ પુરાયો હશે, ત્યારે પોતે ધારણ કરેલા તુપંજા બહાર ફેંકવાની અગત્ય નજણાયાથી, પોતે એક તુપંજો કમરેથી અળગો કરી પોતે સ્વહસ્તે બહાર ફેંકયો, તે તુપંજો વેરાવળ બંદરે જઇ દરિઆમાં પડયો. તે તુપંજો જ્યારે એમાં પડવાનો દિવસ આવે છે, ત્યારે તેજ દિવસે દરિયાની બહાર સપાટી ઉપર તરી આવી સર્વને દર્શન દે છે, ને તેના પુજારીઓ, તેને સીંદુરાદીથી પૂજન કરે છે, કે પાછો પાણીમાં અલોપ થઇ જાય છે. બીજો તુપંજો પોતે બહાર ફેંકયો, (નાખ્યો), તે એજ કુવા કાંઠે પડયો છે, તેનો માપ લેવા ઘણા ઘણા કારીગરો મથી મુવા, પણ તેનો

માપ ઠામ પડતો નથી. એક વાર માપ લીધા પછી ફરી માપ લો તો, ફરીએ ને એ માપ આવે નહિ, કાં વધે કે ઘટે, કદીએ જે પહેલાં માપ આવ્યો તે ફરી નાજ આવે.

" શ્રી અલી " એ કુવામાંથી બાહેર પધારી અસ્પતા દિ ચારે ભાઇઓને ઘેરી લઇ ઘણા સમજાવ્યા, પણ એક મોટા ભાઇએ શિખામણ માની, બીજા ભાઇયો જુનાગઢ મુકી ઉત્તરગામી થઇ સિંધ પધારી ગયા. સિંધમાં જઇ સુમરા તરીકે સિંધનું રાજ્ય કર્યું, ને સુમરાના નામે પ્રખ્યાતિને પામ્યા. એ વંશ ત્યાં પણ શ્રી હરિ પ્રતાપે વધ્યો. રાજાનો વંશ વધવાથી ભૂમિની સંકડામણ પડેજ ! જેથી સિંધમાંથી એક પરાક્રમી સુમરો " જાડા " નામનો કચ્છમાં પધાર્યો. તેમનો જ વંશ આજ "જાડેજા" ક્ષત્રીના નામથી પ્રખ્યાત છે. તેમનો વંશ હાલ કચ્છ, કાઠીયાવાડ, ગુજરાતાદીમાં પ્રસરેલ છે.

શ્રી નિષ્કલંકી " શ્રી અલી " સાહેબ પછી, એ શ્રી હરિવંશ આગળ ચાલ્યો, તેમના શ્રી ઇમામ 'હુશ્યેન' " શ્રી અલી " ના પુત્ર હતા. ' શ્રી અલી વિષ્ણુ ' ' શ્રી નબી મહંમદ બ્રહ્મા ' ને શ્રી નબી

મહંમદની પુત્રી 'આદ્યશક્તિ માતા ફાત્મા' તેમનો હરિવંશ આગળ ચાલ્યો.

એ વંશમાં ઇમામ જાફરો સાદિક પછી "પુલસ્ત્યે" મુનિની પેઠે વંશમાં ભેદ પડયો. શ્રી ઇમામ જાફરો સાદિક સાહેબને બે સ્ત્રીયો હતી, પ્રથમ પોતે હરિવંશ માંહેલા ઇમામ હસનના કુળ માંહેલી દીકરીને પરણ્યા હતા. તેમના પેટથી હઝરત ઇમામ ઇસ્માઇલ સાહેબ જન્મ્યા હતા.

ને બીજી સ્ત્રી બની અબ્બાસીના કુળની કન્યા પોતે વેચાણ લીધી હતી. તેના પેટથી મુશીયેકાજમ નામના પુત્રાદિ થયા હતા, કાલે કરી.

શ્રી ઇમામ ઇસ્માઇલ પછી શ્રી ઇમામ મુન્તેસર બિલ્લાનો સમય પણ ઇમામ જાફરો સાદિક જેવોજ આવ્યો. એ સાહેબને પણ બે સ્ત્રી હતી. એક તો હરિવંશ માંહેલા હતા. બીજા તુર્કણી હતા. તુર્કણીનો ભાઇ શ્રી ઇમામ મુન્તેસર બિલ્લા સાહેબના રાજ્યની સૈન્યનો સેનાઅધ્યક્ષ હતો.

શ્રી ઇમામ મુન્તેસર બિલ્લાહ, પંચતત્ત્વે પામ્યા, પછી તેમના ત્રણ પુત્રો હતા, પ્રથમ માતા હરિવંશીનાં

ઉદરેથી 'શ્રી ઈમામ શાહની ઝાર' હતા. બીજી માતાથી મુસ્તેઅલી આદિ હતા.

મામાના બળે મુસ્તેઅલી રાજ્યાસને પધારી, વડીલ ભાઇને તેમના સ્ત્રી પુત્ર સાથે કેદખાનામાં પધરાવ્યા. ત્યાં કેદખાનામાં શ્રી ઈમામ શાહનિઝાર, પંચત્વને પામી ગયા, પણ તેમના પુત્ર શ્રી ઈમામ શાહ હાદી છો વરસની આયુષ્યમાં મીસરની જેલની દીવાલો ચીરી ઇરાન પધારી ગયા ! ને કોઇને ખબર સરખી ના પડી કે ક્યાંથી ગયા ? ને ક્યાં ગયા ?

મજકુર હરિવંશરાજ ચાલતો ચાલતો "અલ્લાઓદીન મહંમદ" સાહેબ સુધી ઈરાનની ભૂમિ અલમોત ગઢમાં રહ્યો. હવે એ વંશે જંબુદ્વીપની ભૂમિનું આમંત્રણ સ્વિકાર્યું.

શ્રી ઈમામ "અલાઓદીન મહંમદ" સાહેબે પીર સલાહોદીન (નુરસદ્‌ગોર) સાહેબના પુત્ર 'શ્રી પીર શમ્મસ' સાહેબને બોલાવી ઇમામતની કળા તેમને અર્પણ કરી, પોતે યુધ્ધે હલાકુખાં સામે ચડયા. શ્રી પીર સલાહો દીન, ને શ્રી ઈમામ અલાઓ દીન મહંમદ બંને પીતરાઇ કાકો ભત્રીજો થાય. અનાદિ કાળના ધોરણે ઇમામ સદ્‌ગોર અસ્થાનકે હોય તે પ્રમાણે

શ્રી ગોર ને શ્રી નર એ બન્ને કળા શ્રી પીર શમ્સ સાહેબમાં દીપતી રહી. ને પોતે જંબુદ્વીપે પંજાબ ભૂમિએ પધાર્યા.

શ્રી પીર શમ્સને બે પુત્ર, શ્રી ઈમામ કાશમ શાહ, ને શ્રી પીર નસીરોદ્દીન થયા, અહીં બન્ને કળા નોખી પડી.

તે બાર કરોડીનાં ભરણ સમે, શ્રી પીર સુંદર-દીન સાથે પીર શ્રી કબીરદીનના હાથ ઉપર, શ્રી ઈમામ ઈસ્લામશાહ સાહબે કોલ કરેલો, કે આપણે બન્ને ભેળા થઈ અન્નતનો ભરણ કરીશું, તમારે ચિંતા કરવી નહિ. તે પ્રમાણે થયું.

શ્રી નર ઈસ્લામ શાહના પુત્ર નુરમહંમદશાહ બાવાએ શ્રી સદ્દગોર પીર ઈમામશાહ બાવાને ઈરાન દેશે બોલાવી પોતાની ઈમાબતની કળા તેમને સોંપી જે "ગોર તે પ્રથમના હતા" ને પાછલની "નરની કલા મળી" એટલે ગોર ને નર બન્ને કળાના સ્વામી પોતે 'સદ્દગોર પીર ઇમામશાહ બાવા' થઈ જુનો કોલ પૂરો કર્યો.

તેમના પુત્ર શ્રી વિષ્ણુ પૂર્ણ કળાએ શ્રી નરઅલી મહંમદશાહ થયા, પોતે શ્રી સદ્દગોર ઇમામશાહ, શ્રી બ્રહ્મા શ્રી નરઅલી મહંમદશાહ, વિષ્ણુ ને આદ્યશક્તિ,

'શ્રી બુઝુરૂક બેગમ, એ હરિવંશનો ત્રીગુણી કળાનો સ્ટાફ અનાદિ કાળની પ્રથા અનુકુળ અહીં બંધાયો. એની કળા એજ જાણે. સાત્ત્વિક આહારે એ ભેદ સુજે બીજાને રંચ માત્ર ન સમજાય, ને ન મનાય. બીજા સર્વ વિમાસ્યા કરે, તેનો વિરોધ કરતાં જંપે નહિ.


મજકુર હરિવંશે શ્રી સદ્‌ગોર બ્રહ્મા ઈંદ્ર ઇમામશાહ બ્રહ્મ કળાએ ને એજ દેહીમાં શ્રી વિષ્ણુની કળા પણ એજ દેહીમાં. એટલે બન્ને કળાધારી, શ્રી હરિ ઇમામદીન–શ્રી ઇમામશાહ બાવા થયા. તેમના દીકરા રૂપે શ્રી હરિ વિષ્ણુ. આદ્ય નિરંજન નરઅલી મહંમદશાહ બાવા સોળ કળા સહિત જન્મ્યા. છઠ્ઠીના દિવસે જ સોળ કળા સહિત પંજો લઇ, સત્યવંણી ભાંખી તેમના પુત્ર શ્રી હરિવંશે શાહોજી સહાબોદીન બાવા, તેના પુત્ર શ્રી હરિવંશે શ્રી શાહોજી જલાલોદીન બાવા, તેમના પુત્ર શ્રી શાહોજી મુર્તુઝાશાહ બાવા તેમના પુત્ર શ્રી શાહોજી અશરફશાહ બાવા દિલ્લી ઓરંગઝેબ બાદશાહના સમે પધારી "અમર દીવો" ૪૫ વીઘા જમીનનો ફર્માન આદિ બાદશાહી લેખો લાવનાર, એ શ્રીનો રોજો ધોળકામાં છે. આ પછી અત્રેથી હરિવંશ વીરમી કળા રહિત રહે છે.

**બારમી સદદીના કોલના કારણે શ્રી ગોર, ને શ્રી નર હાલ અલોપ, એટલે ગુપ્ત, કલા રહિત છે. જેથી જગતને અણઉકેલ ગુચવણ માદક આહારે થઇ છે. જ્ઞાને ખોળવાનું છે. સાત્ત્વિક આહારીજ જ્ઞાનના ભેદ પામી, શ્રીજીને ઓળખી આનંદ કરશે. બોલો શ્રી નિષ્કલંકી નારાયણકી જય, જય, જય, સત્ય મેવ જયતે.**

આ લેખ શ્રી ગીતા, કૃષ્ણલીલા, કહાનડે પ્રબંધ, "જગદ્‌ગુરૂ" [શ્રી ચનબશ્વેશ્વર, કૃત] કાઠીયાવાડી સાહિત્ય, કચ્છ કાઠિયાવાડની પદરચના, ભાગ ૧, (નબી મહંમદ), એ હેડીંગ નીચે કચ્છના કલાધારો, મહંમદ સાહેબનું જીવન, "તવારીખેના શોખ," મીસરનો રાજ્ય વિભાગ" મહાભારત હરિવંશ પર્વ," દુનિયાના સિદ્ધના ચિહ્નો ઇતિહાસાદિ ગ્રંથોમાંથી લીધેલો છે.

# સાત વિભાગોની વહેંચણી.

| દીપનું નામ. | હાલનું નામ. | ફેરબદલ થવાનું કારણ. |
| --- | --- | --- |
| ૧ જંબુદીપ | હીંદુસ્તાન આસામ બરમાં | આ ઇલાકામાં જામનાં ફળો આમ છે. |
| ૨ શાકદીપ | ઇરાન અને ખુરાસાન | અહીં ફુટ અને બકાલો વધુ રહે છે |
| ૩ કુમીકદીપ | રૂસજર્મની ચીન જાપાન. | અહીં પર્વતો વીશેષ છે અને ક્ષેત્રભુમી વધુ છે |
| ૪ ક્રંન્ચદીપ | ઇટલી અને ગ્રીક | અહીં હવાસીલ બગલા વગેરે વધુ થાય છે |
| ૫ શાલમલદીપ | અરબસ્તાન અને કીનઆન | અહીં રૂ રેશમ જેવું નરમ થાય છે. |
| ૬ કુશદીપ | આફ્રીકાનો ઇલાકો | અહીં ખશ એટલે સુગંધી ઘાસ થાય છે. |
| ૭ પશકરદીપ | ઇંગ્લેન્ડ ફ્રાન્સ સ્પેન | આ ઇલાકામાં પાણી ઘણું છે. |



रशिया
सायबीरिया
तुर्कस्तान
तिबेट
चीन
हिंदुस्तान
दिल्ली
इराण
अफगानिस्तान
इजिप्त
ट्रिपोली
सहरा
सुदान
काँगो
पासिफिक
महासागर
अटलांटिक
महासागर
आस्ट्रेलिया
हिंदुस्तानना
वेपारना मार्ग
केपटाउन
डर्बन

## 'પદ' ગોરખ વાણી.

ગાયાનું મંડાણ યોગણી, આદ્ય પુરૂષ ઘર ચેલી;
મારૂં મન માને તો સંગે ચલું, નકાં ફિરૂં અકેલી.
માયાનું મંડાણ યોગણી. ॥ ટેક ॥

કૃતાયુગમાં ઉમૈયા કહેવાણી, શીવ શંભુ ઘર નારી;
ભસ્માસુર દાણવ મેં રોળ્યો, હું ઝઘડાથી ન્યારી.
માયાનું મંડાણ૦ ॥૧॥

ત્રેતાયુગમાં સીતા કેહેવાણી, રામચંદ્ર ઘર નારી;
દશાસર રાવણ મેં રોળ્યો, હું ઝઘડાથી ન્યારી.
દ્વાપર યુગમાં દ્રૌપદી કહેવાણી, પાંચ પાંણ્ડવ ઘરનારી;
કૈયા કોરવ મેં હણ્યા, હું ઝઘડાથી ન્યારી.
માયાનું મંડાણ૦ ॥૩॥

કલિયુગમાં કાળકા કેહેવાણી, આદ્ય પુરૂષ ઘર દેવી;
પતૈનો પાવો મેં રોળ્યો, હું ઝઘડાથી ન્ય રી.
માયાનું મંડાણ૦ ॥૪॥

ભોગવ્યા વખતે ભારજા કહેવાણી, પુજ્યા વખતે દેવી;
પુજ્યા તે તો પામી ગયા, સમય સમયમાં જેવી.
માયાનું મંડાણ૦ ॥૫॥

મચ્છંદર પ્રતાપે જતી ગોરખ બોલ્યા, આદ્ય અંતથી એવી;
પરખ્યા તે તો પુજી રહ્યા, હાલું હેલા ખાતી.
માયાનું મંડાણ૦ ॥૬॥

ૐ

# દશાતરી આલ ગાયત્રી+

( ભાષા અર્બિમાં ) ફર્માનજી, બિસ્મિલ્લાહ હિર્રહૂમાં નિર્રહીમ.

પ્રથમ પરમેશ્વરા, મત્સ્યાદિ જલ સાગરા, સેવાને કારણે હેત રચંતે, ધરતી ઉપર પાએ નદેતવા, સદા સર્વે પ્રલય ગતમ્, પ્રથમ દિલ વર્ણે તે ધંધુકાર, ત્યારે સ્વામી આદ્ય નિરંજન નિરાકાર. ત્યાં

+ આલ ગાયત્રી મોટી નાની, એમ ચાર પ્રકારની શ્રી સદ્‌ગોરે સમજાવેલી છે. (૧) પહેલા પ્રકારની ઘણીજ મોટી છે, જેમાં વંશ બદલા બદલીના ભેદો સંપુર્ણ સમજી શકાય છે. (૨) બીજા પ્રકારનીમાં વર્ણની અદલા બદલી સમજી શકાય છે. તેમાં નામની સંખ્યા પહેલા કરતાં બીજામાં કમી છે. આ ત્રીજા (૩) પ્રકારની છે તેમાં સલંગ વંશ બતાવ્યો છે. નામોની સંખ્યા કંઈક તે તે બનેથી ઓછી છે. ચોથા પ્રકારની પૂજાના મંત્રોમાં છે. શિજરો અને કુર્શિનામું એ આલ નામાથી કાંઈક નામોમાં વધઘટથી ભાષા ભેદે બિન્ન છે. એ સર્વને સમજવાની જરૂર છે. સમજે જ સત્પંથની સુગમતા પ્રત્યક્ષ થાય છે.

કવન ચેન પરિવર્તંતે ? હંમ્ દેહિતે આદ્ય પુરુષ નારાયણ, આપમને આપ ધ્યાન કર્તવંગ હો સ્વામીજી !

તદ્દા નુર નિર્વાણ આપ હસ્તકે. તદ્દા નિરંજન તે નિરાકાર. તહાં લિલ્લ વર્ણ તે ધંધુકાર. ત્યારે નહિ સાદ. નહિ શબ્દ, નહિ ઉનાદ, નહિ ઓંમકાર (ॐ), નહિ ઉત્તપન્ન, નહિ રેવત, નહિ રચના, નહિ પવન, નહિ પાણી, નહિ ખાણી, નહિ વાણિ, નહિ વેદ. નહિ ભેદ, નહિ જલ્લ, નહિ કમલ્લ, નહિ હમલ્લ, નહિ વમલ્લ નહિ પર્વત, પાષાણ નહિ નદિયો. નહિ નવાણ, નહિ સમુદ્ર, નહિ સાગર, નહિ ગિરીવર, નહિ કૈલાશ, નહિ મેર, નહિ મેખલ્લા, નહિ સ્વર્ગ, નહિ નર્ક, નહિ મૃત્યુ, નહિ પાતાળ, નહિ ધરતી, નહિ આકાશ, નહિ ચંદ્ર, નહિ સૂર, નહિ તારા, નહિ ધ્રુ, નહિ મેત્ર, નહિ મંડલ્લ, નહિ રેહણી, નહિ દિવસ, નહિ સૂન નહિ પોકાર નહિ જરણ, નહિ મરણ, નહિ સૃષ્ટી, નહિ સંયોગ, નહિ ભાવ, નહિ ભ્યંકાર, નહિ રૂપ. નહિ રેખા, નહિ રાગ, નહિ ભાષા, નહિ દમ, નહિ કદમ, નહિ ધર્મ, નહિ ધર્મકાર, નહિ રીત, નહિ કરીત નહિ યોગ, નહિ યુક્તિ, નહિ શક્ત, નહિ ભક્ત, નહિ અનિલ, નહિ મોહ, નહિ માયા, નહિ કામ, નહિ કાયા,

ત્યારે ભાવ ખેદ કાંઈ નહુતા, તદા આદ્ય નિરંજને કઈ પેરે સૃષ્ટી નિપાઈ ? હો સ્વામીજી !

પ્રથમ લિલ્લ વર્ણ તે ધંધુકાર મધે ૐ (ઓંમ) કાર. ૐ (ઓંમ) કારથી હેત ધરિયા, હેતથી નીર ઝરિયા, નીરથી ખીર કરિયા, ખીરથી ફીણ ઉપાયા, ફીણ માંહેથી ઈંડ નીપાયા, ઈંડ થકી રચ્યંતે સર્વે રચના. ઈંડ છેદીને ત્રણ ભુવન સૃજ્યા હો સ્વામીજી !

પ્રથમ જમીનના જડ બાંધતાં જુગ પાંચ ૫, પાંચ ૫, જુગતો પિયાલ થોભંતા, પાંચ ૫. જુગતો ગઢમેર ઉઠંતાં, પાંચ ૫, જુગતો બ્રહ્માંડ જડતાં, આઠ ૮, જુગતો ગીતા ગાયંત્રી ઓચરંતાં, ૯, નવ યુગતો નીર નવાણ ભરંતાં, બાર ૧૨, જુગનો રૂંઢ માલા ફેરવતાં, વીસ ૨૦, જુગતો વભૂતી વનસ્તી વસંતા, ત્રણ ૩, જુગતો ત્રિભુવન ત્રિશુળ ધરંતા, એક ૧, જુગતો ૐ [ ઓંમ ] કાર બોલી ભણતાં, એવા તોંહોતેર ૭૩, યુગતો વહિ ગયા સ્વામીજીને અટ્કલ કરંતા.

તદા અગમ્ અગોચર સદ્ગોર બ્રહ્મા, નર નારાયણ, દેવ ! માહેશ્વર; એ ત્રણ દેવની જે કોઇ પૂજા કરે, તેના આવાગવનના ફેરા ટલે.

તદા સ્વામીજીએ પેહલા રોપ્યા સત્ય, સત્ય ઉપર દત્ત, દત્ત ઉપર ક્ષમા, ક્ષમા ઉપર ગજા, ગજા ઉપર નીલ, નીલ ઉપર અનિલ, અનિલ ઉપર શેષ નાગ, શેષ-નાગની ફેણ ઉપર ધબળા ધોરી, ધબળા ધોરીના સીંગ ઉપર એક રાઇ, એટલા ઉપર યત્ન કરી સ્વામીજીએ સૃષ્ટી નીપાઇ.

કબરૂમા સૃષ્ટિની રચનામાં પાંચે તત્સેવ હતી તેમાં તે જ તપ પ્રધાન પદે શ્રી હરિ રાખવું.

કરણ કલૂફનાં અવતરિ પાત્ર સુણો ઋષિવર ભાઇ? જ્યાં થકી સ્વામીજીએ રૂપ ધર્યા, તે રૂપને ઓળખીને આજ કરો કમાઇ.

પ્રથમ નામતો નીલ ૧. અનીલ ૨ સુન્ ૩, ૪, ધ્યાન ૫, જ્ઞાન ૬, મયાન ૭, નુર ૮, તેજ ૯, જલ ૧૦, કમલ ૧૧, કદમ ૧૨, આદ્યબુદ્ધ, 13, નાદબુદ્ધ, ૧૪, ગજતત્તવ ૧૫, પરમતત્વ, ૧૬, આદ્યપુરૂપ ૧૭, આદ્ય પુરૂષથી ૐ ( ઓંમ ) કાર. ઓંમ (ૐ) કારથી ચારે વેદ પ્રકાશ. આદ્ય પુરૂષથી નાભી ચક્ર, નાભી ચક્રથી ભયે ગોર બ્રહ્મા, સદ્દગોર બ્રહ્માથી સર્વ સૃષ્ટીની ઉત્તપત્. જે ચાર કલફના અવતાર પાત્ર સાંભળો મુનિવર ભાઇ? જ્યાં થકી

ગોર નરે અવતાર લીધા, એ અવતારને ઓળખીને કરો કમાઇ.

પ્રથમ નામતો ૐ ( ઓંમ ) ૧, ઉનાદ ૨, અવીગત ૩, ઐહેદ ૪, હુવ ૫, કવ ૬, તત્વ ૭, ધર્મ ૮, તેજ ૯, કેવલિક ૧૦, નાદ ૧૧, ઓત્રા ૧૨, હરિતકૃત ૧૩, પ્રુરવા ૧૪, અતિત્ વંશી[1] ૧૫, પ્રેમ ઋષિ[2] ૧૬, વંશ તો શ્રી મચ્છ[3] ૧૭.

શ્રી મચ્છની માતા તો શંખાવતી. પિતા તો પરમઋષિ, શક્તિ તો દેવી ચંદ્રિકા. ગોર તો માનધાતા, અસ્થ,ન તો હંસપુર, ક્ષેત્ર તો દ્વારામતી ત્યાં નર દલો દાણવ તો શંખાસુર, વિચાર તો ઋગ્વેદ, ઓચરં તે ગાયત્રી, સાત વાર સત્તાવીશ નક્ષેત્ર, પંદર તિથ, બાર કરણ, નવ ગ્રહ. સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા, સ્વામી! ઋષિયોને સ્થાપી, શંખાસુરને સંહારી, સાતે પાતળના રાજાઓને વચન આપો, સદ્ગોર બ્રહ્માનાં વેદવાળી, સવાક્રોડી સહ રુખમાંગત્ ભક્તને ઓધારી તમે ભલે

૧ અતિત્ વંશીનું બીજું નામ અત્રી ઋષિ. ૨ પ્રેમ ઋષિનું બીજું નામ પરમ્ ઋષિ. ૩ શ્રી મચ્છનું બીજું નામ મનુઋષિ છે. ૪ ચંદ્રિકાનું બીજું નામ ચંડિકા છે.

અવતર્યા યુગે યુગે દેવમુરારી, જે કોઇ ચિત્ત હરિશું લાએ, તેનાં ધર્મ વધે ને પાપ ક્ષય થાએ. નમો નમો ભાઇ પરિબ્રહ્મ નારાયણના નામને. જે રૂપે આપણા સદ્દગોર બ્રહ્મા, નરનારાયણ હોય? આજ તે રૂપને ધાઇએ.

અવતાર પહેલો શ્રી મચ્છ; ચાર લાખ બત્રીસ હજાર ( ૪૩૨૦૦૦ ) વર્ષ વર્તંતે.

સંપુર્ણ.

શ્રી મચ્છના મનાઇત ૧૮, ઉગ્રસેન ૧૯, અજુવ્રત ૨૦, બ્રહ્સ્પતી ૨૧, અસુમિત્ર ૨૨, [૧]પ્રીકમ્ ઋષિ ૨૩, વંશતો શ્રી [૨]કૂર્મ ૨૪.

શ્રી કુર્મની માતાતા કમળાવતી, પિતાતો પ્રીકમ ઋષિ, શક્તિ તો દેવી બેચરા, ગોરતો એકાઅંકી[૩], સ્થાનનો મહાપુર, ક્ષેત્ર તો માનસરોવર. ત્યાં નર દલો દાણવ તો મધુકટક, વિચારતો ઋગ્વેદ, ઓચરંતે ગાયત્રી, સાત વાર સત્તાવીશ નક્ષેત્ર, પંદર તિથ ને બાર કરણ, નવ ગ્રહ, સૂર્ય મંત્રનો

૧ પ્રીકમ ઋષિનું બીજું નામ પ્રિયકર ઋષિ. ૨ શ્રી કૂર્મનું બીજું નામ કચ્છપ ઋષિ.

૩ એકાઅંકીનું બીજું નામ 'અકાંતિક' (એકાંતઠગ) ઋષિ.

જાપ જપતા આવ્યા. સ્વામી ! ઋષિયોને સ્થાપી. મધુકટક દાવણને સંહારી. ચૌદ રત્નને વાળી, સવા ક્રોડીશું રાજા અમૂરિષતે ઓધારી, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી. જે કોઇ ચિત્ત હરિશું લાએ, તેનાં ધર્મ વધેને પાપ ક્ષય થાયે. નમો નમો ભાઇ પરિબ્રહ્મ નારાયણના નામને. જેણે રૂપે આપણા સ્વામીજી સદગોર બ્રહ્મા, નર નારાયણ હોય ? આજ તે રૂપને ધાઇએ.

અવતાર બીજે શ્રી કૂર્મ, ચાર લાખ બત્રીસ હજાર ( ૪૩૨૦૦૦ ) વર્ષ વર્તતે.

સંપૂર્ણ.

શ્રી કૂર્મના વસરત [૧] ૨૫, દકાહ્તિ ૨૬, કાત્યાયન [૨] ૨૭, પરજાઇત્ ૨૮, ડાઢમ ઋષિ ૨૯ વંશતો શ્રી વરાહ [૩] ૩૦.

શ્રી વરાહની માતા તો પદ્માવતી, પિતા તો ડાઢમ ઋષિ, શકિત તો દેવી સોમૈયા [૪], ગોર તો

૧ વસરતનું બીજું નામ અક્ષત ઋષિ. (ન ક્ષત) ત્રિ૦
૨ કાત્યાયનનું બીજું નામ કાજમ ઋષિ કે કથક ઋષિ.
૩ શ્રી વરાહનું બીજું નામ વાગીશ્વરઃ ( વાચામીશ્વરઃ )
૪ સોમૈયાનું બીજું નામ સોમયાગ. ૫ અંકેશ્વરનું બીજું નામ આકાશબંબ (અંકાસર.)

અંકેશ્વર. [૫]સ્થાન તો માયા પૂર (મહિકાપૂર) ક્ષેત્ર તો ભૈકાસુર. ત્યાં નર દલો ૩ાણવ તો મુરધ્વજ, વિચારતો ઋગ્વેદ. ઓચરંતે ગાયત્રી, સાત વાર સત્તાવીસ નક્ષેત્ર, પંદર તિથ ને બાર કરણ, નવ ગ્રહ, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા. સ્વામી! ઋષિયોને સ્થાપી, મુરધ્વજ દહીંતને સંહારી, સવા ક્રોડી શું રાજા ધ્રુ ભક્તને ઓધારી, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી, જે કોઇ ચિત્ત હરિશું લાએ, તેનાં ધર્મ વધે ને પાપનો ક્ષય થાય. નમો નમો ભાઇ પરિબ્રહ્મ નારાયણના નામને, જેણે રૂપે આપણા સદ્‌ગોર સ્વામી નર નારાયણ હોય! આજ તે રૂપને ધાઇએ.

અવતાર ત્રીજો શ્રી વરાહ, ચાર લાખ બત્રીસ હજાર (૪૩૨૦૦૦) વર્ષ વર્તંતે.

સંપૂર્ણ.

શ્રી વરાહના દેહેર (૩૧), રૂપક (૩૨), કેશવ (૩૩), નશાખલિપત્ય (૩૪), ગૌત્તમ (૩૫), અમૂરિષ (૩૬), વંશ તો શ્રી નૃસિંહ[૧] (૩૭).

શ્રી નૃસિંહની માતા તો ચંદ્રાવલી, પિતા તો અમરિષ,[૨] શક્તિ તો તુલજા ભવાની,[૩] (કમલા) ગોર

૧ શ્રી નૃસિંહનું બીજું નામ નરહરઋષિ. ૨ અમરિષનું બીજું નામ અમૃઋષિ. ૩ તુલજાભવાનીનું બીજું નામ સોમયા દેવી (સોમયાગ).

તો અમ્મર તેજ, અસ્થાન તો કાશ્મિર, ક્ષેત્ર તો ચરણા પુરી. ત્યાં નર દલો દાણવ તો હિરણ્યાક્ષિપુ,[1] વિચાર તો ઋગ્વેદ, ઓચર તે ગાયત્રી, સાત વાર, સત્તાવીસ નક્ષેત્ર, પંદર તિથ ને બાર કરણ, નવ ગ્રહ, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા સ્વામી ! ઋષિયોને સ્થાપી, હિર્ણા-ક્ષિપુ દાણવને સંહારી, સવા ક્રોડી શું રાજા પ્રેહલાદ ભક્તને ઓધારી, પાંચ ક્રોડીનું ભરણ ભરાવી, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી. જે કોઈ ચિત્ત હરિશું લાએ તેના ધર્મ વધે ને પાપ ક્ષે થાએ. નમો નમો ભાઇ પરિબ્રહ્મ નારાયણના નામને, જેણે રૂપે આપણા સદ્દગોર બ્રહ્મા! નર નારાયણ હોય? આજ તે રૂપને ધ્યાઇએ.

અવતાર ચોથો શ્રી નૃસિંહ, સોળ ક્રોડી (૧૬૦૦૦૦૦૦૦) કુલ પરવાર, ચાર લાખ બત્રીસ હજાર [૪૩૨૦૦૦] વર્ષ વર્તંતે.

દિશા ઉત્તર, સ્થળ હંસપુર, દાગ વનદાગ, પહેલા કર્તા યુગનું પરમાણ સત્તર લાખ, અઠ્ઠાવીસ હજાર (૧૭૨૮૦૦૦), તેમાં મજમલ્લે મોટા અવતાર ચાર (૪).

સંપૂર્ણ.

૧ હિરણ્યાક્ષિપુનું બીજું નામ હરણાકશ.

શ્રી નૃસિંહનાં મુનિનાયક (૩૮), વંશ વઢણ (૩૯), વિર લોચન (૪૦), કશ્યપઋષિ (૪૧), વંશ તો શ્રી વામન[1] (૪૨).

શ્રી વામનની માતા તો લીલાવતી,[2] ( કમલા ) પિતા તો કશ્યપૠષિ, શક્તિ તો દેવી કોકીલા, ગોર તો સેહજાનંદ, સ્થાન તો બગપુર,[3] ક્ષેત્ર વનથળી, ત્યાં નર દલો દાણવતો બળીરાજા, વિચાર તો યજુર્વેદ, ઓચરંતે ગાયત્રી, સાત વાર સત્તાવીસ નક્ષત્ર, પંદર તિથ, બાર કરણ, નવ ગ્રહ, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા સ્વામી! ઋષિયોને સ્થાપી, બળી દંહીતને સંહારી, કમલધ્વજ ભક્તને ઓધારી, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી. જે કોઇ ચિત્ત હરિશું લાએ, તેના ધર્મ વધે ને પાપનો ક્ષય થાય. નમો નમો ભાઇ પરિબ્રહ્મ નારાયણનાં નામને. જેણે રૂપે આપણા સદ્ગોર બ્રહ્મા, નરનારાયણ હોય? આજ તે રૂપને ધાઇએ.

અવતાર પાંચમે શ્રી વામન, ચાર લાખ બત્રીસ હજાર (૪૩૨૦૦૦) વર્ષ વર્તે.

સંપૂર્ણ.

---

૧ શ્રી વામનનું બીજું નામ સત્યદેવઋષિ. ૨ લિલાવતીનું બીજું નામ અદિતી. ૩ બગપુરનું બીજું નામ કોએલાપુર પાટણ.

શ્રી વામનના માનધાતા ૪૩, પૃથ્વિજય ૪૪, અસરત ૪૫, જમદગ્નિ ૪૬, વંશ તો શ્રી પરશુરામ ૪૭.

શ્રી પરશુરામની માતા તો રેણુકા, પિતા તો જમદગ્નિ, શક્તિ તો માતા કાલિકાભવાની,[1] ગોર તો જનકદેવ,[2] સ્થાન તો [3]માયાપુર, ક્ષેત્ર તો કૈલાસ પાટણ. ત્યાં નરેદલ્યો દાણવંતો શેહસ્ત્રાર્જુન, વિચારતો યજુર્વેદ. ઓચરંતે ગાયત્રી સાત વાર, સત્તાવીશ નક્ષત્રે, પંદર તિથ, બાર કરણ, નવગ્રહ, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા. સ્વામી ! ઋષિયોને સ્થાપી, શેહસ્ત્રાર્જુન દાણવને સંહારી. કમલધ્વજ ભકતને ઓધારી, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવમુરારી. જે કોઇ ચિત્ત હરિશું લાએ, તેનાં ધર્મ વધે ને પાપ ક્ષય થાએ. નમો નમો ભાઇ પરિબ્રહ્મ નારાયણનાં નામને. જેણે રૂપે આપણા સદગોર બ્રહ્માજી, નર નારાયણ હોય ? આજ તે રૂપને ધાઈએ.

---

૧ કાલકાભવાનીનું મુળ નામ રાણી ઇન્દુમતી, સૂર્યવંશી દિલીપ દરબારે હરિવંશ સ્થાપનાર. ૨ જનક દેવનું બીજું નામ જંગમ ઋષિ. ૩ માયાપુરનું બીજું નામ ડુંગરપુર પાટણ.

અવતાર છઠ્ઠો શ્રી પરશુરામ, ચાર લાખ, બત્રીસ હજાર ( ૪૩૨૦૦૦ ) વર્ષ વર્તતે.

સંપૂર્ણ.

શ્રી પરશુરામના રઘુ[1] ૪૮, નઘુ ૪૯ યયાતી ૫૦, કેવલિક ૫૧, અજેપાલ ૫૨, દશરથ ૫૩, વંશ તો શ્રીરામ ૫૪.

શ્રી રામની માતા તો કૌશલ્યા, પિતા તો દશરથ, શકિત તો સીતા દેવી. ગોર તો વશિષ્ઠ મુનિ, સ્થાન તો અયોધ્યા, ક્ષેત્ર તો લંકાપૂરી. ત્યાં નરદલો દાણવતો દશાશિશ રાવણ, વિચાર તો યજુર્વેદ, ઓચરંતે ગાયત્રી સાતવાર, સત્તાવીશ નક્ષત્રે; પંદર તિથ ને બાર કરણ, નવગ્રહે, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા, સ્વામી ! ઋષિયોને સ્થાપી, દશાશિદ રાવણને સંહારી, સાત ક્રોડી શું રાજા હરિચંદ્ર ભકતને ઓધારી, તમે ભલે અવતર્યા યુગે યુગે મુરારી. જે કોઇ ચિત્ત હરિશું લાએ, તેના ધર્મ વધે ને પાપનો ક્ષય થાએ. નમો ભાઇ પરિબ્રહ્મ નારાયણ નામને. જેણે રૂપે આપણા સદ્દગોર બ્રહ્મા, નર નારાયણ હોય, આજ તે રૂપને ધાઇએ.

૧ રઘુ રાજાથી સૂર્ય વંશમાં હરિ આવ્યા.

અવતાર સાતમો શ્રી રામ. છત્રીસ ક્રોડી ૩૬૦૦૦૦૦૦૦ ) શું કુલ પરવાર, ચાર લાખ બત્રીસ હજાર (૪૩૨૦૦૦ ) વર્ષ વર્તતે.

દિશા પૂર્વ, સ્થળ બગપૂર, દાગ જળ દાગ. બીજા ત્રેતાં યુંગનું પ્રમાણ, બાર લાખ, છન્નુ હજાર [૧૨૯૬૦૦૦ ] વર્ષ, તેમાં મજમલ્લે મોટા અવતાર ત્રણ (૩)

સંપૂર્ણ.

શ્રી રામના લવ ૫૫, પદ્મ ૫૬, પરિક્ષિત[૧] ૫૭ [૨]વિરપાલ ૫૮, વાસુદેવ ૫૯, વંશ તો શ્રી કૃષ્ણ ૬૦

શ્રી કૃષ્ણની માતા તો દેવકી, પિતા તો વાસુદેવ, શકિત તો દેવી રૂક્ષમણી. ગોર તો વેદ વ્યાસ[૩] સ્થાન તો ગોકુલ[૪], ક્ષેત્ર તો મથુરાં. ત્યાં નર દલો દાણવતો કંશાસુર, વિચારતો ચારવેદ ઓચરંતે

૧ સૂર્યવંશી યયાતી રાજાની સ્ત્રી દેવયાની (શુક્રાચાર્ય ઋષિની દીકરી)ની દાશી સુમિત્રા (શર્મિષ્ટા) રાજા વૃષપર્વાની દીકરીએ ચંદ્રવંશી પદ્મસેનથી યયાતીને ઘેર ચંદ્રવંશમાં હરિ વંશ સ્થાપ્યો. ૨ વિરપાલનું બીજું નામ સુરસેન. ૩ વેદ વ્યાસ કે વિદુર વ્યાસનું બીજું નામ સજનાઈ. ૩ ગોકુળનું બીજુ નામ સામપુર.

ગાયત્રી, સાત વાર, સત્તાવીશ નક્ષત્ર, પંદર તિથી; બાર કરણ, નવ ગ્રહ. સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા, સ્વામી ! ઋષિયોનેસ્થાપી, કંશાસુરદાવણને સંહારી, સહદેવ ( વિદુર ) ભક્તને ઓધારી, તમે ભલે અવતર્યા, યુગે યુગે દેવ મુરારી. જે કોઈ ચિત્ત હરિશું લાએ, તેના ધર્મ વધે ને પાપ ક્ષય થાએ. નમો નમો ભાઇ પરિબ્રહ્મ નારાયણનાં નામને. જેણે રૂપે આપણા સદ્દગોર બ્રહ્મા, નર નારાયણ હોય ? આજ તે રૂપને ધાઇએ.

અવતાર આઠમો, શ્રી કૃષ્ણ, ચાર લાખ, બત્રીસ હજાર ( ૪૩૨૦૦૦ ) વર્ષ વર્તતે.

સંપૂર્ણ.

શ્રી કૃષ્ણનાં પ્રદુમન ૬૧, શેષસ્થાન ૬૨, બુદ્ધસ્થાન ૬૩, (બલિસ્થાન) વેણીવચ્છરાજ ૬૪, સિંહરાજ[1] ૬૫, વંશ તો શ્રી બુદ્ધા ૬૬. ફર્માન કહી પાવળની ગોળી ઘોલવી. )

શ્રી બુદ્ધાની માતા તો રેણુકા[2] પિતા તો સિંહ-

૧ સિંહરાજનું બીજું નામ સંહીરાજ શ્રી બુદ્ધાની માતાના પીતા હતા મુળ પીતા શ્રી બુદ્ધાલ. ૨ રેણુકાનું બીજું નામ કરૂણાવતી

રાજ, શક્તિ તો દેવી હરશદ[1], ગોર તો હંસરાજ, સ્થાન તો હીમવંતી નગરી, ક્ષેત્ર તો કુરૂક્ષેત્ર. ત્યાં નર હલો દાણવ તો દુર્યોધન. વિચાર તો સામવેદ, ઓચરંતે ગાયત્રી, સાત વાર, સત્તાવીસ નક્ષત્ર, પંદર તિથ, બાર કરણ, નવ ગ્રહ, સૂર્ય મંત્રનો જાપ જપતાં આવ્યા, સ્વામી! ઋષિયોને સ્થાપી, દુર્યોધન દાણવને સંહારી, નવ ક્રોડીશું રાજા યુધિષ્ઠિરને ઓધારી, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી. જે કોઇ ચિત્ત હરિશું લાએ, તેનાં ધર્મ વધે ને પાપ ક્ષય થાએ. નમો નમો ભાઈ પરીબ્રહ્મ નારાયણના નામને. જેણે રૂપે આપણા સદ્‌ગોર બ્રહ્મા નર નારાયણ હોય? આજ તે રૂપને ધાઈએ.

અવતાર નવમો શ્રી બુદ્ધા, છપ્પન કરોડ (૫૬૦૦૦૦૦૦૦) કુલ પરવાર. ચાર લાખ બત્રીસ હજાર (૪૩૨૦૦૦) વર્ષ વર્તંતે.

દિશા ઉત્તર, સ્થળ સામપુર, દાગ અગ્નીદાગ. ત્રીજા દ્વાપર યુગનું પ્રમાણ. આઠ લાખ, ચોસઠ

૧ દેવી હરશદનું બીજું નામ કોચરાદેવી.

હજાર ( ૮૬૪૦૦૦ ) વર્ષ. તેમાં મજમલ્લે મોટા અવતાર બે (૨).

સંપૂર્ણ.

શ્રી બુદ્ધાનાં શીસ[૧] ૬૭, સામ ૬૮, સુલ્કાન ૬૯, ઇસ્લામ ૭૦, હારૂન ૭૧, આદમ ૭૨, નીઝાર ૭૩, મીઝાર ૭૪, ઇલિહાસ ૭૫, મિલ્યાસ ૭૬, મુલ્કાન ૭૭, કાઝમ ૭૮, કાહુર ૭૯, કાયમ ૮૦, ગાલિબ ૮૧, એલબ ૮૨, ફાહિમ ૮૩, મુરાદ ૮૪, અબ્દુલ મુનાફ ૮૫, હાસમ ૮૬, અબ્દુલ મુત્તલિબ ૮૭, અબુતાલિબ ૮૮, વંશ તો શ્રી મુર્તુઝાઅલી. ૮૯

શ્રી મુર્તુઝાઅલીની માતા તો [૨]બીબી ફાતમાહબિન્તે અસદ, પિતા તો અબુતાલિબ, શક્તિ તો બીબી ફાતમાહ ઝોહરા. ગોર તો નબી મહમ્મદ, સ્થાન તો ઉપન્યા સેહસ્ત્રદ્વીપે મક્કેશ્વર, ક્ષેત્ર તો [૩]મંદરલી, ત્યાં નર દલો દાણવતો

૧ શ્રી શીસની કબર અયોધ્યામાં છે. ૨ બીબી ફાતમાહ બિન્તે અશદનું બીજું નામ ઝુલ્યેખાં છે ૩ મંદરલીનું બીજું નામ મદીના, (મક્કાને પણ કહે છે.)

[1]અબુઝહેલ. કળી અંતે શ્રી મેંહદી રૂપે સ્થાન તો [2]હિમપુર. ક્ષેત્ર તો કુંવારીકા [3]પંચ નદી મુળ સ્થાને. ત્યાં નર દસો દાણવંતો દહીત કાળીંગો ડજ્જાલ. વિચાર તો અથર્વવેદ, ઓચરંતે ગાયત્રી, સાત વાર, સત્તાવીશ નક્ષત્ર, પંદર તિથ, બાર કરણ, નવ ગ્રહ, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા. સ્વામી ! ઋષિયોને સ્થાપી, દંહીત અબુ-ઝેલ તથા અલકમાં ને સંહારી દંહીત કાળીંગાને સંહારસે. બાર ક્રોડીશું ભક્ત ત્રીકમ મુખીને સ્થાપી, અનંત ક્રોડીનું ભરણ મુખી કમલા-કુંવર શિર ભરાવવા, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી, જે કોઈ ચિત્ત હરિશું લાય, તેનાં ધર્મ વધે ને પાપ ક્ષય થાયે. નમો ભાઈ પરિબ્રહ્મ નારાયણના નામને. જોગે રૂપે

૧ અબુઝહેલ સાથે બીજો દહીત અલકમા હતો. ૨ હીમપુરનું બીજું નામ ઇમામપુર, પીરાણા. ૩ પંચનદી એટલે ૧ સાબરમતી, ૨ સરસ્વતી, ૩ સેઢી, ૪ વાત્રક, ૫ નાડીયા.

આપણા સદગોર બ્રહ્મા, નર નારાયણ હોય ? આજ તે રૂપને ધાઇએ.

## શ્રી નિષ્કલંકી નારાયણના ગુપ્ત અવતાર ઓગણચાલીસ ૩૯, પ્રગટ અવતાર એક.

હક્કશાહ મુર્તુઝાઅલીના ઇમામહશન તથા ઇમામ હુશયેન ૧, ઇમામ ઝયનુલઆબેદીન ૨, ઇમામ મહમ્મદ બાકર ૩, ઇમામ જાફરો સાદિક ૪, ઇમામ ઇસમાઇલ ૫, ઇમામનુર સદ્ગોર નુરમહમ્મદ ૬, સૈયદ [1]ઇસ્માઇલ ૭, સૈયદ નુરમહમ્મદ ૮, સયદ ઇમામોદીન ૯, સૈયદ મુશાફિરોદીન ૧૦, સયદ મન્શુરોદીન ૧૧, સૈયદ ગાલિબદીન ૧૨, સૈયદ જમાલદીન ૧૩, સૈયદ સાદિકદીન ૧૪, સૈયદ મેહેરદીન ૧૫, સૈયદ સાલેહ્દીન ૧૬, સૈયદ હાદી ૧૭, સૈયદ ફાઝલ-શાહ ૧૮, સૈયદ હાશમશાહ ૧૯, સૈયદ મહ-

[1] આ ઈસ્માઇલ નામ ફરી રાખ્યું.

મ્મદશાહ ૨૦, સૈયદ અહમદશાહ ૨૧, સૈયદ નાશિરશાહ ૨૨, સૈયદ મુશાએક ૨૩, સૈયદ મોહિબ ૨૪, સૈયદ મુસ્તાક ૨૫, સૈયદ મહિ-યોદીન ૨૬, સૈયદ મોમિનશાહ ૨૭, સૈયદ ખાલક-શાહ ૨૮, સૈયદ નિઝારશાહ ૨૯, સૈયદ ઇસ્લામ-શાહ ૩૦, સૈયદ [1]ઇસ્લામહાદિક ૩૧, સૈયદ [2]શમ્મ-સદીન ૩૨, સૈયદ નસીરદીન ૩૩, સૈયદ સહાબો-દ્દીન ૩૪, સૈયદ સદરોદીન ૩૫, સૈયદ કબીરો-દીન ૩૬, ૩૧, શ્રી સદ્દગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહ ૩૭, ૩૨, આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહમ્મદશાહ[3] ૩૮, હક્કલાએલાહા ઇલ્લિ-લ્લાહો મહમ્મદુર્રસુલિલ્લાહે.

---

સૈયદ ઇસ્લામ હાદિકનું બીજું નામ શ્રી નુરસદ્ગોર પીર સલાહોદ્દીન. ૨ સૈયદ શમ્મસદીનનાં બીજાં ઘણાં નામો છે. તેઓ કોનીયાના જલાલોદ્દીન રૂમી ( મવલાના રૂમી ) ના ગુરુ હતા. એમને શમ્મસ ચોટ, શમ્સ તબ્રેજી, વિગેરે કહે છે.

૪ શ્રી નરઅલી મહમ્મદશાહ પછીથી આલના નામો.

અવતાર દશમો, સીત્તેર શેહેસ્ત્ર ( ૭૦૦૦૦ ) હુશ્યેની કુલ કાયમનો પરવાર, ચાર લાખ બત્રીસ [ ૪૩૨૦૦૦ ] હજાર વર્ષ પરીવર્તતે.

દિશા પશ્ચિમ. સ્થળ હીમપુર, દાગ ભોમદાગ.

---

(૩૩) શ્રી ઇમામ સૈયદ સહાબોદ્દીન (૩૯), (૩૪) સૈયદ ઇમામ જલાલશાહ (૪૦), (૩૫) સૈયદ ઇમામ મુર્તુજાશાહ (૪૧) (૩૬) સૈયદ ઇમામ અશર ફશાહ (૪૨), આ વંશમાં નરના વંશની પેઢીની સંખ્યા શ્રીજી સુધી છત્રીસ થઇ છે. શ્રી નરનાથ અશરફશાહ બાવા ઔરંગઝેબ બાદશાહના સમયમાં શાસ્ત્રાર્થે દિલ્લી જઇ વિજય પામી, ચમત્કારની કસોટી ( અગ્નિ ઉપર મૂકેલા લોઢાના તપેલા તવા ઉપર રહી ) પસાર કરી સત્પંથનો વિજય વાવટો ઉરાડનારા છે.

દિલ્લીના નામાંકિત પંડિત શ્યામલાલ સાથે શાસ્ત્રાર્થ કરી પંડિતજીને શ્રીજીએ સત્પંથી બનાવ્યા હતા.

ચોથા કળિયુગનું પ્રમાણ, ચાર લાખ બત્રીસ હજાર [ ૪૩૨૦૦૦ ] વર્ષ વર્તતે. તેમાં મજમલે મોટા અવતાર એક (૧).

ધર્મ શાસ્ત્ર સુણંતે પાપ તેનાં હરંતે, મોક્ષ મુગતફળ લાભંતે, માને તેને સ્વર્ગાપુરી, ના માને તેને નર્કાપુરી.

ૐ

શ્રી આદ્ય નારાયણ, મનુષ્યરૂપે જગતમાં અવતા લેઈ પબ્લીકને ઉપદેસવા બ્રહ્મા, વિષ્ણુ, શંકરાદિરૂ આવી પબ્લિકને ઉપદેશે છે. તે શ્રી વિષ્ણુરૂપ આ કળિયુગમાં નિષ્કલંક ( ઇમામમેહદિ ) આદિ નાં પધાર્યા છે તેની ખોળ કરતાં મને જે ભાળ મળી આ બુકમાં પબ્લિકને જાહેર કરેલ છે, તેમાં જો મા ભૂલ રહિ જતી હોય તો પબ્લિક માફ કરે હાલ એજ.

દા. ખાકી

---

આ બુકનો મુખ્ય આધાર, રામાયણ શ્રીમદ્ ભાગવત, ભવિષ્યપુરાણ, કલ્કીપુરાણાદિ, જગતગુરૂ આદિ ગ્રંથો ઉપરથી લીધો છે. શ્રી વ્યાસ, શ્રી કૃષ્ણ, શ્રી ચનગેશ્વર મહારાજાદિ કૃતાઓના લેખોના આધારે છે. હરિવંશ પર્વ એટલે મહાભારતાદિનો આધાર છે.

---

આ ચોપડી શાહ મણિલાલ છગનલાલે પોતાના ધી નવપ્રભાત
પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ—અમદાવાદમાં છાપી.